Celebrating
Decade of Dedication

# सुतीर्थ

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

Indian Institute of Teacher Education, Gandhinagar ♦ Year : 2 ♦ Issue : 4 ♦ Month: January, 2021




# પરંપરાને પ્રયોગ કેરું થાય ઉચિત સન્માન

**IITE inhouse magazine for private circulation only**
Indian Institute of Teacher Education, Gandhinagar
**Volume : 2 • Issue : 4 • January, 2021**

> **"A Nation's culture resides in the hearts and in the soul of its people"**
>
> **– Mahatma Gandhi**



'ભારતની પ્રાચીન પ્રજ્ઞાપીઠો' પર આધારિત આઈઆઈટીઈના વર્ષ 2021ના ટેબલ કેલેન્ડરનું વિમોચન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણાના હસ્તે માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં 1 જાન્યુઆરી, 2021ના રોજ કરવામાં આવ્યું.

1 કુલપતિશ્રીનો સંદેશ ........ 3
2 આઈઆઈટીઈના ટીવી પ્રકલ્પ 'શિક્ષાર્થ'નો પ્રારંભ ........ 4
3 તમે જે વાંચો છો, તેની અનુભૂતિ કરો છો? ........ 5
4 વાત શીખવાની સ્ટાઇલની! ........ 7
5 રંગ, ઉમંગ અને ઉત્સાહના તરંગો સાથે આઈઆઈટીઈના યુથ ફેસ્ટિવલ ... - કલાકુંજ 2021નું સમાપન........ 9
6 કાવ્યની સમીક્ષાઃ જાણો માણો અને આસ્વાદ કરાવો ........ 14
7 BIZARRE: Unlocking The "Butterfly" In Times of COVID "Chaos" ........ 17
8 "શિક્ષકના વ્યવસાયને રેફરન્સ નહીં પ્રેફરન્સ બનાવવો પડશે." ........ 19
9 અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા શિક્ષક બનતા પહેલાં શિક્ષણ કાર્યની પ્રેક્ટિસ મેચ........ 22
10 બાપુની સમયસહેલી (એકપાત્રીય અભિનય)........ 24
11 Catering to the Multiple Intelligences of learners in online teaching mode ........ 26
12 CAMPUS CANVAS ........ 28

**Editor**
**Paras K. Jha**
(Public Relation & Publication Officer)

**Editorial Team**
Dr. Archana Patel
Dr. Rushi Joshi
Dr. Swarnabharati

**Coordination**
Ms. Hiral Jani

**Design :** Ranmal Sindhav

**iitegandhinagar**

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in



# કુલપતિશ્રીનો સંદેશ

**વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો,**

ગત વર્ષ 2020ના જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં આપણે સહુએ 'બાપૂ સ્કૂલ મેં' સામુદાયિક સંપર્ક કાર્યક્રમ દ્વારા, સમગ્ર ગુજરાતમાં ફેલાવેલા ગાંધીબાપૂના સંદેશા અને એ રાજ્યવ્યાપી કાર્યક્રમમાં કરેલા ખાટામીઠા અનુભવોનું ભાથું બાંધ્યુ હતું તે યાદ આવે છે. વર્ષ 2020 કોવિડની ક્યારેય ન ભૂલાય તેવી યાદ આપતું ગયું છે, પરંતુ આપણી પાસે તો 'બાપૂ સ્કૂલ મેં' જેવા કાર્યક્રમોના સંસ્મરણો પણ છે.

વર્ષ 2021નો પ્રારંભ ખૂબ જ પ્રવૃત્તિમય રહ્યો છે, જે ઉત્સાહજનક લાગે છે. કોવિડ સામેની લડાઈનો અંતિમ તબક્કો શરૂ થઈ ચૂક્યો છે. દેશમાં લાખો લોકોને કોવિડથી બચાવવા માટેનુ રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન શરૂ થઈ ચૂક્યું છે. એટલું જ નહીં રાજ્ય સરકારે પણ પહેલી ફેબ્રુઆરીથી ધો. 9 થી 11 ના વિદ્યાર્થીઓ માટે સ્કૂલોની શરૂઆત થવાની છે અને ટૂંક સમયમાં જ કૉલેજ અને યુનિવર્સિટીમાં પણ નિયમિત અભ્યાસ અને શિક્ષણ કાર્યની શરૂ થવાની સંભાવનાઓ પ્રબળ બની છે.

આ તમામ આયોજનો અને સંભાવનાઓ વચ્ચે મને જો કોઈ બાબતનો સૌથી વધુ આનંદ થયો હોય તો તે જાન્યુઆરી દરમિયાન આઈઆઈટીઈ સંકુલમાં થયેલા વિવિધ કાર્યક્રમોનો છે. વહાલા વિદ્યાર્થીઓ મારા એ આનંદનું કારણ તમે છો. આઈઆઈટીઈનો વાર્ષિક યુવા મહોત્સવ - કલાકુંજ હોય કે પછી અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા તમે સહુએ કે તમારા મિત્રોએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેને કારણે મહિનાઓથી વિદ્યાર્થીઓ વિના વેરાન ભાસતી યુનિવર્સિટીના સંકુલમાં જાણે તમારા આગમનથી પ્રાણ ફૂંકાયા. આપ સહુની ઉપસ્થિતિથી ફરી સંકુલમાં ઉમંગ, રંગ અને આનંદની હેલીઓ વરસી.

તમારા આગમનને વધાવવા અને આપ સહુને અનુકૂળ વ્યવસ્થાઓ કરવા માટે આઈઆઈટીઈના તમારા ગુરુજનો અને વહીવટી સ્ટાફના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પૂરતી કાળજી લીધી. આપણે સહુ 'કલાકુંજ-2021'માં મન ભરીને મજા કરી શક્યા એની પાછળ 'ટીમ-આઈઆઈટીઈ'નો પરિશ્રમ હતો. કલા અને કૌશલ્યોની અભિવ્યક્તિના આ ઉત્સવ બાદ શિક્ષણના કૌશલ્યોની કસોટી જેવી ટીચિંગ સ્કિલ કોમ્પિટિશનમાં પણ સહભાગીતા સંતોષકારક રહી.

હવે સમય છે, પરીક્ષાનો. સુતીર્થનો આ અંક તમારી પાસે આવશે ત્યારે સત્રાંત પરીક્ષાઓ માટે તમે સહુ અભ્યાસરત હશો. તમારા માટે આ મહેનતનો સમય છે, એવી જ રીતે આઈઆઈટીઈના તમામ અધ્યાપકો અને અધિકારીઓ માટે રૂબરૂ અભ્યાસ માટેની પૂર્વ તૈયારીઓ કરવાનો આ સમય છે.

શિયાળાની શુષ્કતા અને ગાત્રો થીજવી દેતી ઠંડી બાદ હુંફાળી વસંતનું આગમન થાય જ છે, એમ પરીક્ષા બાદ તમે પણ વસંતની જેમ તમારા નવા સત્રમાં જોડાશો તેનો આનંદ છે. કોવિડની મહામારી હોય કે પરીક્ષાનો સમય આઈઆઈટીઈના કેન્દ્રમાં વિદ્યાર્થીઓ પ્રકૃતિમાં સતત ગતિશીલતા રહેલી છે. નવા સત્રમાં તમારા સહુને કંઈક નવું જાણવાનો યાદગાર અનુભવ થાય અને વર્ગખંડની બહાર રહીને પણ આઈઆઈટીઈમાં શીખવા મળે તે દિશામાં અનોખું આયોજન કરી રહ્યા છીએ. એટલે તમે પણ ઝડપથી પરીક્ષાઓ પૂર્ણ કરીને નવા અનુભવ માટે તૈયાર થઈ જાવ.


માનવ પ્રકૃતિનું એક લક્ષણ એ છે કે, તેને સતત નાવિન્યતા જોઈએ છે. તેનું ઉદાહરણ છે, તમારા હાથમાં રહેલા મોબાઈલ ફોનમાં તમારી નજર સામેથી પસાર થતો અને ક્યારેય ન અટકતા સોશિયલ મીડિયાના સ્ક્રિનનું સ્ક્રોલિંગ. તમારા ફોનની ઇન્સ્ટાગ્રામ કે ફેસબુક એપમાં સ્ટોરીઝ સ્વરૂપે નહીં, તો રીલ સ્વરૂપે સતત કંઈકને કંઈક નવું નવું તમારા સ્ક્રિન પર પીરસાતું રહે છે. જેની કોઈ વિશેષ ફળશ્રુતિ નથી હોતી. પરંતુ આપણે આઈઆઈટીઈમાં જે કોઈપણ નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિઓ કરીશું એ તમારા માટે આપણા સહુ માટે ફળદાયી નીવડે તે સુનિશ્ચિત કરીને જ કરીશું.

તમે જ્યારે આઈઆઈટીઈના કેમ્પસમાં આવશો ત્યારે ચોક્કસ વસંત આવશે...

તમારા આગમનની રાહ જોઈ રહ્યા છીએ...

આપ સહુ સ્વસ્થ રહો, સુરક્ષિત રહો તેવી શુભેચ્છાઓ સાથે...

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**




# આઈઆઈટીઈના ટીવી પ્રકલ્પ 'શિક્ષાર્થ'નો પ્રારંભ

## માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના ટેલિવિઝન પ્લેટફોર્મ – 'શિક્ષાર્થ – ઇનિશિએટિવ ફોર કરિક્યુલમ ટ્રાન્સેક્શન'નો પ્રારંભ કરાવ્યો.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) દ્વારા શિક્ષક પ્રશિક્ષણના વ્યાપને વધારવાની વધુ એક પહેલરૂપે 'શિક્ષાર્થ - ઇનિશિએટીવ ફોર કરિક્યુલમ ટ્રાન્સેક્શન'નો પ્રારંભ કર્યો. માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હસ્તે 3 જાન્યુઆરીના રોજ પ્રારંભ થયેલા આઈઆઈટીઈના આ ટેલિવિઝન પ્રકલ્પ દ્વારા રાજ્યની બી.એડ. કૉલેજોમાં અભ્યાસ કરી રહેલા તમામ શિક્ષક તાલીમાર્થીઓને શિક્ષક પ્રશિક્ષણના કાર્યક્રમો વંદે ગુજરાત ચેનલ નં. 1 ના માધ્યમથી ડિશ ટીવીની ચેનલ નં. 1264 તથા JIO TV મોબાઈલ એપ પર વિના મૂલ્યે જોવા મળી શકશે.

ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જિયોઇન્ફોર્મેટિક્સ (બાયસેગ) ખાતે આ પ્રકલ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રકલ્પના પ્રારંભ માટે માન. શિક્ષણમંત્રીશ્રીએ આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને અભિનંદન આપતા જણાવ્યું, "કોરોના મહામારીના કપરાકાળમાં શિક્ષણ વિભાગમાં સહુએ એક ટીમ તરીકે કાર્ય કરીને રાજ્યમાં શિક્ષણ પ્રક્રિયાને અસર ન થાય તે સુનિશ્ચિત કરવા તે માટે ઉપલબ્ધ તમામ માધ્યમોનો ઉપયોગ કરીને રાજ્યના ખૂણે ખૂણે શિક્ષણ પહોંચાડ્યુ છે, તેનો સંતોષ છે. આઈઆઈટીઈ આજથી શિક્ષાર્થ શરૂ કરી રહી છે, તેનો આનંદ છે. આઈઆઈટીઈની શિક્ષકો તૈયાર કરવાની બેવડી જવાબદારી છે."

તેમણે વધુમાં જણાવ્યું, "તમામ પ્રકલ્પોમાં મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણનો તો છે, પરંતુ તેમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો પ્રયાસ છે. આ પ્રકલ્પ શિક્ષણની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બનશે. કંઈક વધારાનું કરીએ અને સારુ કરીએ તો જે કંઈ ખૂટતું હોય તેની પૂર્તતા થઈ જાય છે. આ બધી બાબતોને કાર્યાન્વિત કરવા સુધી હર્ષદભાઈએ આગેવાની લઈને તેને સાકાર કરી છે. જે સૂચન કરીએ છીએ, તેને હર્ષદભાઈ અને તેમની ટીમ સ્વીકારે છે, હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું."

માન. શિક્ષણમંત્રીશ્રીએ શિક્ષાર્થ પ્રકલ્પનો મહત્તમ લાભ લઈને આ ટીવી સુવિધાનો અસરકારક ઉપયોગ કરવાનું આહ્વાન કર્યું હતું.

કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે આ પ્રકલ્પ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, "કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને અને ખાસ કરીને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સહુને અત્યંત ઝડપથી નવા પરિવર્તનો સાથે અનુકુલન સાધીને ટેક્નૉલૉજી અને પ્રત્યક્ષ શિક્ષણની બ્લેન્ડેડ વ્યવસ્થા અપનાવવાની ફરજ પાડી છે. ઇન્ટરનેટ અને વર્ચ્યુઅલ ક્લાસરૂમના માધ્યમથી જળવાઈ રહેલી શિક્ષણ પ્રક્રિયામાં રાજ્યના જે વિસ્તારોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટીના જે પ્રશ્નો હોય તો ત્યાં ટીવી કાર્યક્રમોના માધ્યમથી અભ્યાસક્રમની સામગ્રી પહોંચાડી શકાય તે હેતુથી શિક્ષાર્થની શરૂઆત કરવામાં આવી છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, "રાજ્યની તમામ બી.એડ. કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ વિષયક કાર્યક્રમો શિક્ષાર્થના માધ્યમથી વંદેગુજરાત ચેનલ નં-1 પર જોઈ શકશે. આ વ્યવસ્થામાં ટૅક્નિકલ સહાય પૂરી પાડવા માટે આઈઆઈટીઈ બાયસેગની આભારી છે."

શિક્ષાર્થના પ્રારંભ સમયે જીસીઈઆરટીના નિયામકશ્રી ડૉ. ટી.એસ. જોષી., આઈઆઈટીઈના ડીન શ્રી ડૉ. કે. એચ. પાઠક ઉપસ્થિત હતા. આઈઆઈટીઈના કુલસચિવ ડૉ. હિમાંશુ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમનું સંકલન ડૉ. શીતલ હેલૈયા અને સંચાલન ડૉ. વિરલ જાદવે કર્યું હતું.

# તમે જે વાંચો છો, તેની અનુભૂતિ કરો છો?



## આઈઆઈટીઈ દ્વારા 'રિફ્લેક્ટિવ રીડિંગ' વિષય પર માહિતીસભર વર્કશોપનું આયોજન થયું

**- મેઘા તડવી,** આસિ. પ્રોફેસર, આઈઆઈટીઈ

"પુસ્તક એ સંસ્કાર ઘડતરનું બારણું છે.
વાંચન એ વ્યક્તિ વિકાસનું પારણું છે."

આ વિધાનને સાર્થક કરતા રિફ્લેક્ટિવ રીડિંગ વિષય પર આઈઆઈટીઈ દ્વારા 2, 3 તથા 6, 7 જાન્યુઆરી દરમિયાન કુલ ચાર દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રિફ્લેક્ટિવ રીડિંગના વિષય સંદર્ભે વિભિન્ન અર્થઘટનાત્મક અને ચિંતનાત્મક વિચારશૈલીના વિકાસ માટે, તેમજ વાંચન સંદર્ભે વિવિધ પ્રયુક્તિઓ કેળવવાનો હતો.

આ વર્કશોપના મુખ્ય વક્તા તરીકે શિક્ષણક્ષેત્રના પ્રખર તજજ્ઞ અને ચિંતક ડૉ. મહેન્દ્ર ચોટલિયા સાહેબ હતા. જેમની જ્ઞાનગંગાનો પ્રસાદ આઈઆઈટીઈના ઇન્ટરનેટ રેડિયો 'ટીચર્સ ટ્યૂન'માં પણ મળતો રહે છે.


વાંચન એ હેતુપૂર્વક થતી પ્રવૃત્તિ અને અદ્‌ભુત પ્રક્રિયા છે. વિવિધ ચિંતકોના મત આધારે કહી શકાય કે, વાંચન એટલે અર્થ નિર્માણની પ્રક્રિયા. જેમાં વાચકનું પોતાનુ જ્ઞાન, વાંચન માટેની પ્રસ્તુત માહિતીમાં સૂચિત થયેલ જ્ઞાન અને વાંચનની સ્થિતિ દરમિયાન થતાં બહુપરિમાણીય આદાનપ્રદાન થકી નવા જ્ઞાનની પ્રાપ્તિની પ્રક્રિયા. આમ, વાંચનની પ્રક્રિયા એ ચિંતનાત્મક, સર્જનાત્મક, વૈજ્ઞાનિક તેમજ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેથી આપણે ચોક્કસ એમ કહી શકીએ કે વાંચન થકી વિચાર, વર્તન, વ્યવહાર, વાણી અને વ્યક્તિત્વને સતત વિકસતા અને વિસ્તરતા બનાવી શકાય છે. એટલું જ નહીં વાંચન થકી લાગણી અને સંવેદનાઓની કેળવણી થતી જાય છે. વાંચન એવું કૌશલ્ય છે જે આપણને જીવન જીવવાના કૌશલ્યને કેળવવામાં પણ મદદરૂપ બને છે. 'રિફ્લેક્ટિવ રીડિંગ' એટલે એવું વાંચન કે જે સર્જકની કૃતિને વાચક સુધી એ જ અનુભૂતિના સ્તરે લઈ જાય કે જેથી વાચક તેને પોતાના જીવન સાથે સાંકળી શકે. એ માટે અર્થઘટનાત્મક વાંચન આવશ્યક છે, જેના થકી આત્મચિંતન અને સમજનો ઉપયોગ કરીને વાચક પોતાની જાતને એ પરિસ્થિતિમાં મૂકીને ચિંતન કરે છે કે, એ કઈ રીતે પોતાના કામને નાવિન્યપૂર્ણ અને વિશિષ્ટ બનાવી શકે? પછી વાચક પોતે પ્રતિબિંબાત્મક પ્રશ્ન પોતાની જાતને પૂછે છે, ત્યારે, Reflection in Action કહી શકાય અને જ્યારે તે વાંચન પહેલાં અથવા વાંચન બાદ પ્રશ્ન પૂછે તો તે Reflection on Action કહી શકાય. આમ, આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર વાંચન કૌશલ્ય કેળવવાનો જ નહીં પરંતુ, આપણાં વિચાર, વર્તન, વાણી અને વ્યક્તિત્વને પણ સતત વિકસતા અને વિસ્તરતાં રાખવા માટે પ્રેરણારૂપ બની રહ્યો હતો.

વર્કશોપના પ્રથમ દિવસે વાંચન એટલે શું? તે અંગે ડૉ. ચોટલિયાએ વિવિધ રસપ્રદ, રમૂજ અને વિચારશીલ પ્રવૃત્તિ સાથે વાક્યનો અર્થ અને મર્મ સમજવા દરેકને સક્રિયતા સાથે વર્કશોપમાં પ્રવૃત્ત કર્યા હતા. Listening is reading with ears and writing is speaking with fingers. આ વિશે તાર્કિક વાત સાથે તેમણે પ્રશિક્ષણાર્થીઓને પાઠ આપવાની વધુ સંખ્યા કરતાં શક્ય તેટલા ચિંતનાત્મક રીતે પાઠ તૈયાર કરીને આપવા તેને વધુ યોગ્ય ગણ્યા હતા.

પેન્સિલની વાર્તા દ્વારા સરળ અને અસરકારકતા સાથે અસ્તિત્વની સાર્થકતા સમજાવતાં કહ્યું હતું. કે, તમારું મૂલ્ય તમારી અંદર છે બહાર છે એ લાકડું નથી. આમ, મૂલ્ય સભરતા સાથે આંખ, કાન અને મનને ઉઘાડે અને વિચારવા વિવશ કરે એ પદ્ધતિથી પ્રત્યેકને પ્રેરિત કર્યા હતા. ક્રમશઃ બીજા અને ત્રીજા દિવસની શરૂઆત રમૂજ અને ચિંતન સાથે કરવામાં આવી હતી.




અર્થગ્રહણના ઘટકો સંદર્ભે Ability to learn એટલે કે, શીખવાની ક્ષમતા માટે સ્વ-અધ્યયનના માધ્યમથી પ્રશિક્ષણાર્થી સ્વતંત્ર રીતે વિચારતા થાય એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. વાંચનની પ્રયુક્તિઓને સચોટ ઉદાહરણ દ્વારા સમજાવીને તેમાં દરેક યુક્તિઓનો પ્રયોગ કરાવ્યો હતો. પૂર્વેક્ષણ કરી માહિતીની સપાટીને સ્પર્શ કરવો, ઊંડી તપાસ કરી અનુમાન કરીને જ આગાહી કરવી ત્યારે જ એ વિવરણ કે ભાવાનુવાદ થાય. વિચાર વિસ્તાર કરવા ચિંતનાત્મકતા અને અર્થઘટન સાથે સર્જનાત્મકતા આવશ્યક છે. એટલું જ નહીં, લેખકનો લખવા માટેનો હેતુ અને સામાજિક વિચારણાને સમજવી જરૂરી છે. તમે આ સ્થિતિમાં હોવ તો શું કરશો? ગાંધીજી તમને મળે તો શું પ્રશ્ન પૂછશો? આવા વિશિષ્ટ ચિંતનાત્મક પ્રશ્નો દ્વારા ડૉ. ચોટલિયા પ્રશિક્ષણાર્થીઓને સમાનુભૂતિની કક્ષાએ લઈ ગયા હતા.




રિફ્લેક્ટિવ રીડિંગ માટેની તૈયારીના સંદર્ભમાં માહિતીની ભાષા, હેતુ સાથેની રમતનું કઈ રીતે વિશ્લેષણ કરવું તેની તેમણે ચાર્ટના માધ્યમથી પ્રસ્તુતિ કરી હતી.

ચોથા દિવસે Reflective teacher, Reflective perception, Reflection in Action and Reflection on Action ના સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં મનુષ્ય જો રિફ્લેક્શન ના કરે તો તે મનુષ્યના વર્ગમાં નથી આવતો. એ વિચાર રજૂ કરીને તેની સાથે ચિંતનશીલતા વિશેનો અંદાજ મેળવવા કસોટી લીધી હતી. જેના થકી પ્રત્યેક વ્યક્તિ પોતાનું પ્રતિબિંબ મેળવી શકે કે, તેઓ ચિંતનશીલતાના ઉંબરે છે, ચિંતનશીલતાનો આરંભ થયો છે કે, ચિંતનશીલતા નો ઉપયોગ કરી રહ્યા છે, ચિંતનશીલતા માટે સમર્થ છે. આમ, પ્રત્યેક સહભાગીએ કસોટીના માધ્યમથી ચિંતનશીલતાની ક્ષમતાનો તાગ મેળવ્યો હતો.

ડૉ. ચોટલિયાએ જ્હોન ડ્યૂઈના વિચારના આધારે જ્ઞાન, પરિસ્થિતિ અને ચિંતનની આ ચાર્ટ દ્વારા સમજ આપી હતી. તત્ત્વચિંતક શૉનના વિચાર દ્વારા કઈ રીતે આગળ વધી શકાય, અધ્યાપન શૈલીને યોગ્ય અને અસરકારક બનાવવા માટે ચર્ચા કરી હતી. જ્હોન ડ્યૂઈના વિચારો સાથે આપણે શું કરી રહ્યા છીએ તેની સભાનતા પણ ચિંતન આપે છે. Reflection in Action દ્વારા પરિસ્થિતિ તુરંત જાણી, શું કરવું? નિર્ણય લેવો, તરત અમલમાં મૂકવું એ આવશ્યક છે. Reflection on Actionના સંદર્ભમાં અનુભૂતિનું વિશ્લેષણ, પોતાની સજ્જતા માટેની વિચારણા સાથે લાગણી અને સમજના સંદર્ભે ચર્ચાત્મક રજૂઆત કરી હતી. જેમાં અનુચિંતન અને ચિંતનને મહત્ત્વ આપી ચિંતન માટે પ્રશિક્ષણાર્થીઓને પ્રેરિત કર્યા હતા. ચાર દિવસનો આ વર્કશોપ પ્રતિબિમ્બાત્મક વાંચન, વિચાર અને વ્યક્તિત્વ કેળવવા માટે પણ મહત્ત્વપૂર્ણ બની રહ્યો હતો.

આઈઆઈટીઈના એસોસિએટ પ્રોફેસર ડૉ.સુધીર ટંડેલ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર મેઘા તડવી અને પીએચ.ડી. સંશોધક ભાવિની પરમાર દ્વારા આ વર્કશોપનું સંકલન કરવામાં આવ્યુ હતું.



# વાત શીખવાની સ્ટાઇલની!

**ડૉ. કેતન ગોહેલ**

અધ્યાપક; શ્રી સી.એચ.શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર

## વર્ગના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી સમજીને અધ્યાપનને વધુ અસરકારક બનાવી શકાય

અધ્યયન એટલે શું?

શિક્ષણ એ રાષ્ટ્ર વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે. અધ્યાપન મનોવિજ્ઞાનના કેટલાક ઘટકો પૈકી શીખવું એ મુખ્ય ઘટક છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા ઔપચારિક અને અનૌપચારિક રીતે થાય છે. "શીખનાર પોતાના જ્ઞાનાત્મક બંધારણના આધાર પર કોઈ જ્ઞાનનું વહન કરે તેવી સક્રિય પ્રક્રિયાને શીખવું કહેવાય"

- Michigan State University (2006)

અધ્યયન એટલે વર્તનમાં પરિવર્તન આવવું. અધ્યયન એ એક જ્ઞાનાત્મક પ્રક્રિયા છે.

અધ્યયન એટલે શીખવું અને અધ્યાપન એટલે શીખવવું આ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને અસર કરતા ઘણાં પરિબળો છે જેમકે વિદ્યાર્થી સંબંધી પરિબળ, શાળા સંબંધી પરિબળ, વિષયવસ્તુ સંબંધિત પરિબળ, ઘર સંબંધી પરિબળ, વાતાવરણ સંબંધી પરિબળ અને પ્રક્રિયા સંબંધી પરિબળ. આમ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરનાર ઘણાં પરિબળો છે, તેમાંનું એક પરિબળ અધ્યયન શૈલી (Learning Style) છે.

અધ્યયન શૈલી એટલે શું?

અધ્યયન શૈલીને ઘણા વિશેષજ્ઞોએ વ્યાખ્યાયિત કરી છે. જેમાથી કેટલીક અહીં પ્રસ્તુત છે :

"અધ્યયનશૈલી એ શીખવા માટેનો જુદો એક માર્ગ છે. કેટલાક જોઇને શીખે છે, કેટલાક સાંભળીને અને કેટલાક ક્રિયા દ્વારા શીખે છે." - Rose (1987)

"વિદ્યાર્થીઓની માહિતી મેળવવાની, તેને અર્થગ્રહણ કરવાની અને તેના પર પ્રકિયા કરવાની પોતાની રીત હોય છે, તેને અધ્યયન શૈલી કહે છે." - Felder (1996) and Charles (1997)

"શીખવાની જુદીજ રીત કે જે માહિતીનું અર્થઘટન તારવે છે તેને અધ્યયન શૈલી કહે છે." -Atkin(2006)

અધ્યયનશૈલીની વ્યાખ્યા પરથી  કહી શકાયકે,

- શીખવા માટેનો સાદો પણ અલગ જ અભિગમ છે.
- વિદ્યાર્થીઓ પોતાની પરિસ્થિતિ પોતાની અધ્યયન શૈલી દ્વારા જોવાનો પ્રયત્ન કરે છે.
- અધ્યયનશૈલી જુદીજુદી પરિસ્થિતિમાં અલગ રીતે જ વિચાર કરવાની પ્રકિયામાં મદદરૂપ થાય છે.

ડેવિડ કોલ્બ દ્વારા સૌપ્રથમ લર્નિંગ સ્ટાઇલ મોડેલ આપવામાં આવ્યું. ડૉ.રીટા ડન દ્વારા Dunn & Dunn Learnning Style Model આપવામાં આવ્યું. ડૉ. રિચાર્ડ ફેલ્ડર Felder-Silverman Learning Style Model મોડેલ આપવામાં આવ્યું. આ તમામ શિક્ષણશાસ્ત્રીઓએ જે અધ્યયન શૈલીનાં મોડેલ આપ્યા તેના આધારે આપણે કહી શકીએ કે વર્ગખંડમાં મુખ્ય ત્રણ પ્રકારની અધ્યયન શૈલી ધરાવતા વિદ્યાર્થીઓ જોવા

મળે છે. દૃશ્ય અધ્યેતા (Visual Learner), શ્રાવ્ય અધ્યેતા (Auditory Learner) અને ક્રિયાત્મક અધ્યેતા (Kinesthetic Learner).

**દૃશ્ય અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના**

દૃશ્ય અધ્યેતાની લાક્ષણિકતાઓ જોઈએ તો આવા અધ્યેતા લખવાનું વધુ પસંદ કરે, કોઈ કોન્સેપ્ટ પર ચિત્ર કે ડાયાગ્રામ બનાવે છે, ચીજ વસ્તુઓની યાદી બનાવે છે, ફ્લેશ કાર્ડનો ઉપયોગ કરે છે, વર્ગમાં પ્રથમ બેંચ પર જ બેસે છે, શિક્ષકોને જોયા કરે છે, શ્રાવ્ય સૂચનાને દૃશ્ય સ્વરૂપે જોવે છે, વ્યાખ્યાન સૂત્રો સિદ્ધાંતો વગેરેને દૃશ્ય ઈમેજ આપે છે, તેઓને રંગ વધુ ગમે છે, પાઠ્યપુસ્તકમાં હાઈલાઈટર અને અંડર લાઇનિંગનો વધુ ઉપયોગ કરે છે, ઉત્તર આપતી વખતે ઉત્તર ક્યાં છે તે મનની આંખો વડે પાઠ્યપુસ્તકમાં જોવે છે, માનસિક રીતે હંમેશાં ચિત્ર રૂપે જુએ છે, માઈન્ડ મેપ્સનો ઉપયોગ વધુ કરે છે.

દૃશ્ય અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે ડાયાગ્રામ, ગ્રાફ, ચિત્ર, ફ્લેશ કાર્ડ, રમત, નકશા, મેગેઝીન ડિસ્પ્લે, slide show, હાઈલાઈટર એક્ટિવિટી, બુલેટિન બોર્ડ, ટીવી-શો, ચાર્ટ નિદર્શન, પ્રોજેક્ટર, ફિલ્મ, મોડેલ બનાવવા, નાટક, કલર રાઇટીંગ, પોસ્ટર્સ વગેરેનો ઉપયોગ વધુ કરી શકાય.

**શ્રાવ્ય અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના**

શ્રાવ્ય અધ્યેતાની લાક્ષણિકતાઓ જોઈએ તો તેઓ પુસ્તક મોટેથી વાંચે છે, આંખો બંધ કરીને મનન કરે છે, સાંભળ્યા બાદ તેની ચર્ચા કરે છે, કોઈપણ માહિતી યાદ કરે તો મોટેથી બોલે છે, માહિતીને યાદ કરવા માટે વાક્ય કે શબ્દોનો પહેલો અક્ષર યાદ રાખે છે, પોતાના શીખવા માટે અન્યને વિષયવસ્તુનું વર્ણન કરે છે, વારંવાર પ્રશ્નો પૂછે છે, શબ્દો સાંભળે અને તે આધારે વર્ણન કરે છે, અથવા તે મુજબ નાટક કરે છે, વાંચન કરતાં ચાલે અથવા તો સંગીત સાંભળે, માહિતીનું એકત્રીકરણ મનમાં કરે છે, ચર્ચામાં વધુ ભાગીદારીતા નોંધાવે છે.

શ્રાવ્ય અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે વ્યાખ્યાન પદ્ધતિ, પેનલ ડિસ્કશન, સંગીત, વાર્તા કે પ્રસંગ કથન, શાબ્દિક રમતો, ચર્ચા, બ્રેઈન સ્ટોર્મિંગ, ટેપ રેકોર્ડીંગ, જૂથ ચર્ચા, મૌખિક પ્રેઝન્ટેશન, પાઠ વાંચન, ટીવી એને રેડિયોની વાત, વગેરે જેવા માધ્યમો સૌથી વધુ અનુકૂળ આવે છે.

**ક્રિયાત્મક અધ્યેતાની લાક્ષણિકતા અને અધ્યાપન યોજના**

ક્રિયાત્મક અધ્યતાઓની લાક્ષણિકતા જોઈએ તો આ વિદ્યાર્થીઓ હાથ બનાવટનો સૌથી વધુ ઉપયોગ કરે છે, મોડેલ જેવી વસ્તુઓ બનાવે છે, વર્ગની બરાબર વચ્ચે બેસે છે, તેઓને cut & pasteકાર્યમાં મજા આવે છે, નાટક અને ક્રિયામાં વધુ રસ લે છે, કોઈનું લખાણ ગમતું નથી પોતાની રીતે લખે છે, રમત-ગમતમાં વધુ ભાગીદારી નોંધાવે, વર્ગમાં પોતાને અનુકૂળ હોય એ રીતે બેસે છે, ઉદાહરણો વધુ આપે, વાતચીત કરતી




વખતે પોતાના અનુભવો સાથે જોડે છે, કોયડાઓ ઉકેલવામાં એને ખૂબ મજા આવે છે, વર્ગખંડના વિષયવસ્તુને પોતાની રીતે ક્રિયા કરી કે વર્ણન કરીને યાદ રાખવા પ્રયાસ કરે છે, જૂથ અને ચર્ચામાં ભાગીદારી વધારે નોંધાવે, થોડા ચંચળ વધુ જોવા મળે છે.

ક્રિયાત્મક અધ્યેતા માટે અધ્યાપન યોજનાનું આયોજન આ મુજબ હોઈ શકે. આવા અધ્યેતા માટે ક્ષેત્ર પર્યટન, નાટક, પ્રયોગ, દોરવું અને જોવાની પ્રવૃત્તિ, બ્લેકબોર્ડ એક્ટિવિટી, પ્રોજેક્ટ, પપેટ-શો, play games, મેદાની અને રમતો, ઝીણવટપૂર્વકનું કાર્ય, રીડિંગ વિથ વર્કિંગ, સર્જનાત્મક કાર્ય cut and paste એક્ટિવિટી હાથથી થતી તમામ ક્રિયાઓ, ઉખાણા, કલરિંગ બુક્સ અને પ્રયોગશાળા આધારિત કાર્ય વધુ સોંપી શકાય.

**અધ્યયન શૈલી આધારિત અધ્યાપનીય યોજનાનું મહત્ત્વ**

વર્ગખંડમાં દૃશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક અધ્યેતાઓને શોધવા માટે પ્રમાણિત અધ્યયન શૈલી સંશોધનિકા (Learning Style Inventory)નો ઉપયોગ કરી શકાય. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે અધ્યયન શૈલી આધારિત ઘણા સંશોધનો થયેલાં છે. ડેવિડ કોલ્બને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ પર અધ્યયન શૈલી આધારિત સંશોધનમાં મોટી સફળતા પ્રાપ્ત થયેલી છે. ઓસ્ટ્રેલિયામાં અધ્યયન શૈલી આધારિત સ્કૂલ પણ ચાલે છે, જેમાં અધ્યયન શૈલી આધારિત બાળકોની અધ્યાપન યોજનાનું આયોજન થયેલ છે.

વિદ્યાર્થીઓની પોતાની શૈક્ષણિક સિદ્ધિ સુધારવા માટે અધ્યયન શૈલી મહત્ત્વનો ફાળો આપે છે. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વિકસાવવા અને હકારાત્મક અભિગમ વિકસાવવા અધ્યયન શૈલી આધારિત અધ્યાપન અગત્યતા ધરાવે છે. અધ્યયન શૈલી સમસ્યાનો ઉકેલ લઈ આવવા, વિચારવા અને વ્યક્તિગત કૌશલ્ય શીખવા માટે ઉપયોગી છે. આમ વર્તમાન સમયમાં શિક્ષક પોતે વિદ્યાર્થીની અધ્યયન શૈલી વિશે જાણે પોતાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી ઓળખવામાં મદદરૂપ થાય અને જો શક્ય હોય તો અધ્યયન શૈલી આધારિત અધ્યાપન યોજના ગોઠવે અને તે આધારિત અધ્યાપન કરાવે તો વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ આત્મવિશ્વાસ, અભિગમ અને વ્યવહારકુશળતામાં વધારો થાય છે. આમ અધ્યયન શૈલી એ શીખવાના ઘણા પરિબળો પૈકીનું એક અગત્યનું પરિબળ છે.



# રંગ, ઉમંગ અને ઉત્સાહના તરંગો સાથે આઈઆઈટીઈના યુથ ફેસ્ટિવલ - કલાકુંજ 2021નું સમાપન

## 50 કૉલેજોના 590થી વધુ વિદ્યાર્થીઓએ 25 સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની કલા-પ્રતિભાની અભિવ્યક્તિ કરી

ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ)ના બે દિવસીય યુવા મહોત્સવ - 'કલાકુંજ 2021'નું સમાપન 10 જાન્યુઆરીના રોજ ગુજરાતના વરિષ્ઠ હાસ્ય કલાકાર અને શિક્ષક પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ તથા ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ (જીસીઈઆરટી)ના નિયામક ડૉ. ટી.એસ જોષીની ઉપસ્થિતિમાં થયું. 9 અને 10 જાન્યુઆરી દરમિયાન યોજાયેલા યુથ ફેસ્ટિવલ 'કલાકુંજ 2021'માં ટીચર યુનિવર્સિટી સાથે સંલગ્ન વિવિધ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો સહિત કુલ 50 શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના 590 વિદ્યાર્થીઓ 25 જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ 9 જાન્યુઆરીના રોજ આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઉદ્‌ઘાટન સત્રમાં જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ચેતન ત્રિવેદીના હસ્તે થયો હતો, ગુજરાતનાં નાટ્યજગતનાં વરિષ્ઠ નાટ્યકર્મી અને દિગ્દર્શિકા અદિતિ દેસાઈએ શિક્ષકોને કલાને એક માધ્યમ તરીકે શિક્ષણ પ્રક્રિયામાં વણી લેવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ યુનિવર્સિટીની પરંપરા મુજબ યુનિવર્સિટી ગીતથી થયો. ત્યારબાદ પ્રા. જુમુશ્રી પાઠકે 'ગાયે ગણપતિ જગવંદના' પ્રાર્થના રજૂ કરી. કાર્યક્રમના ઓર્ગેનાઈઝીંગ ચેરમેન તરીકે ડૉ. કિશોરભાઈ નાયકે સૌને આવકાર આપ્યો. કલાકુંજના સંયોજક અને યુનિવર્સિટીના યુવા કલ્યાણ અધિકારી જતીન ભટ્ટે પોતાના વક્તવ્ય દરમ્યાન જણાવ્યું હતું કે, "મુશ્કેલ સમય અને ટૂંકા ગાળામાં પણ દક્ષિણમાં દમણથી ઉત્તરમાં પાલનપુર અને પશ્ચિમમાં દ્વારકાથી પૂર્વમાં ગોધરા સુધી વિસ્તરેલી યુનિવર્સિટી સંલગ્ન કુલ 60 કૉલેજો પૈકી 50 કૉલેજોએ 'કલાકુંજ - 2021'માં ભાગ લીધો."

કલાના ક્ષેત્રે અનોખું પ્રદાન કરનાર અતિથિ વિશેષ શ્રી અદિતિબેન દેસાઈએ પ્રારંભમાં જ નોંધ લીધી અને જણાવ્યું હતું કે, "કોરોનાકાળની નિરાશાથી કલાકુંજ-૨૦૨૧ રૂપી આશા તરફ શિક્ષક પ્રશિક્ષણ ડગ માંડી રહ્યું છે. શિક્ષણને કર્મ અને ધર્મ તરીકે જોનાર સંસ્થાઓએ શિક્ષણમાં વિવિધ કલાઓને આમેજ કરવી અનિવાર્ય છે. ૨૧મી સદી જ્ઞાનની સદી છે, પણ કૌશલ્ય અને કલાથી બાળકના હૃદય અને પરિવાર સુધી પહોંચી શકાય છે. સાચું શિક્ષણ વર્ગમાં માત્ર વ્યાખ્યાન પૂરતું નહીં, પરંતુ નવ રસથી સભર નાટ્ય કળા પણ શિક્ષણને અસરકારક રીતે હૃદય સુધી પહોંચાડી શકે છે."

કાર્યક્રમના ઉદ્‌ઘાટકશ્રી ડૉ.ચેતનભાઈ ત્રિવેદીએ પોતાના વક્તવ્યમાં વર્ષ દરમ્યાન થયેલ યુનિવર્સિટીના વિવિધ ઓફલાઈન કાર્યક્રમોને બિરદાવી વધુ એક સોપાન ઉમેરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષણને વ્યાખ્યાયિત કરતા










કહ્યું કે, "મન,બુદ્ધિ અને શરીરનો વિકાસ કરે તે સાચું શિક્ષણ. અને આ દૃષ્ટિએ રમત-ગમત અને સાંસ્કૃતિક બાબતો મહત્ત્વની બને છે. યુવક મહોત્સવના માધ્યમથી યુવાઓમાં ટીમવર્ક, કલાઓનો વિકાસ થાય છે." ડૉ. ત્રિવેદીએ પોતાની આગવી શૈલીમાં 'નાટ્ય પંચમ વેદમ' અને 'LITRETURE IS MIRROR OF SOCIETY' ની નોંધ લઈ શિક્ષણમાં કલાની આવશ્યકતા પર ભાર આપ્યો હતો.

ઉદ્ઘાટન કાર્યક્રમમાં કુલપતિશ્રીનું ઉદ્બોધન ઉત્સાહપ્રેરક રહ્યું. ડૉ. હર્ષદ પટેલે ટીચર યુનિવર્સિટીના તત્ત્વ અને વ્યવહારને દિશા આપનાર સ્વ. શ્રી કિરીટ જોશીને યાદ કર્યા હતા. તેમનું વિધાન-'શિક્ષણનું માધ્યમ કળા હોવું જોઈએ' એ બાબત સૌની સામે રજૂ કરી જણાવ્યું હતું કે, "સંસ્થાની ભૂમિકા 'નર્ચરીંગ ઓફ જનરેશન'ની હોવી જોઈએ. જે કાર્ય યુનિવર્સિટી કરે છે. કપરા સમયમાં કૉલેજ નહિ ગયા હોય પણ યુવક મહોત્સવમા ઉત્સાહથી મોટી સંખ્યામાં ભાગ લે એ મોટી વાત ગણાય. શિક્ષણમાં સહભ્યાસ પ્રવૃત્તિઓ થકી કલાકુંજને વધુ એક્સપોઝર મળશે. અને તે રીતે ભાવિ શિક્ષકોમાં ગતિની સાથે હકારાત્મક ઊર્જાનું નિર્માણ થશે, જેનાથી કોરોનાથી પણ ગંભીર બાબતોનો પડકાર ઝીલી સમાજને ઉન્નત બનાવી શકાશે."

કલાકુંજ-2021ના પ્રથમ દિવસે તા. 9 જાન્યુઆરીના રોજ તમામ સ્પર્ધાઓનું આયોજન ઝૂમ, સ્ટ્રીમયાર્ડ જેવા ઓનલાઇન મિટિંગ પ્લેટફોર્મ્સના માધ્યમથી થયું હતું. જેમાં સંગીતની વિવિધ સ્પર્ધાઓ જેવી કે, હળવું કંઠ્ય સંગીત, પાશ્ચાત્ય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય વાદન, પાશ્ચાત્ય વાદ્ય વાદન, શાસ્ત્રીય કંઠ્ય સંગીત ઉપરાંત અભિવ્યક્તિની સ્પર્ધા જેવી કે મિમિક્રીનું આયોજન થયું. વકૃત્વકળા અને સામાન્ય જ્ઞાનને આવરી લેતી સ્પર્ધાઓ જેવી કે ક્વિઝ (પ્રશ્નોત્તરી), શીઘ્ર વકૃત્વ, તથા ચર્ચા, ચિત્રકળાની સ્પર્ધાઓ જેવી કે, શીઘ્ર ચિત્રકળા, સ્પોટ ફોટોગ્રાફી, કોલાજ, કાર્ટૂનિંગ, મહેંદી, ઇન્સ્ટોલેશન, રંગોળી, પોસ્ટર મેકિંગ, તથા ક્લે મોડેલિંગનું આયોજન થયું.

કલાકુંજના બીજા દિવસ તા.10 જાન્યુઆરી,2021 ના રોજ ઓફલાઇન મોડમાં પ્રત્યક્ષ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. આથી વિવિધ સંસ્થાઓના પ્રતિભાગીઓના આગમનથી આઈઆઈટીઈનું પ્રાંગણ મહામારીના લાંબા સમયગાળા બાદ ફરી એક વખત જીવંત અને વિદ્યાર્થીઓના કલશોરથી ગૂંજી ઉઠ્યું હતું. યુવા સ્પર્ધકોની ઉપસ્થિતિ અને તેમનામાં સ્પર્ધાની સાથે સાથે ખેલદિલીના ભાવને કારણે યુનિવર્સિટીના સમગ્ર સંકુલમાં અનોખી ઊર્જાનો સંચાર અનુભવાયો હતો. બીજા દિવસના કાર્યક્રમમાં સવારે આઈઆઈટીઈના અધ્યાપક શ્રી સચીન ઉંદ્રે દ્વારા આધ્યાત્મિક સંધાન કરાવતી પ્રાર્થના રજૂ થઈ અને કુલપતિશ્રી અને ઓર્ગેનાઈઝીંગ ચેરમેનશ્રીની હાજરીમાં ઓફલાઈન સ્પર્ધાઓનો શુભારંભ થયો.

ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમ વિશે પોતાની આગવી શૈલીમાં અનુભવ વર્ણવતા કહ્યું કે બે દિવસનો










રંગોત્સવ ઊંધાં પ્રવાહે પણ પાર પડયો તેનો રાજીપો છે. આ આખી પ્રવૃત્તિ માટે માનનીય કુલપતિશ્રીના એકાદ મહિના પૂર્વે થયેલ ઈશારો, ટીમની પ્રતિબદ્ધતા અને કૂનેહપૂર્વકના આયોજનથી નિષ્પન્ન એટલે કલાકુંજ-૨૦૨૧. કલાકુંજમા રજૂ થતી કલાઓ એ શિક્ષણનું આધારભૂત પ્રાણતત્વ છે.

પ્રારંભમાં એકાંકી નાટકની સ્પર્ધા થઇ જેમાં ‘પુરુષ’, ‘ઘર ઘરની કહાણી’, ‘સમજણ’ તથા ‘ડરનો વાઘ’ જેવી અર્થસભર કૃતિઓએ સૌના મનને છલકાવી દીધા. નિર્ણાયકોએ પુરુષની સમસ્યાઓ આલેખતા નાટકોના નવા પ્રવાહની નોંધ લીધી હતી. કેટલાંક સૂચનોમાં કથાવસ્તુને અનુરૂપ સજ્જતા સાથે રજૂઆત કરવાની ટકોર પણ કરી હતી. સમગ્રત: સારા વિષયો સાથે નાટકો રજૂ થયાં.

બીજા તબક્કમાં સમૂહગાન સ્પર્ધામાં કર્ણમધુર લોકગીતોની શાસ્ત્રીય રીતે તાલબદ્ધ રજૂઆત થઈ.


સ્પર્ધાઓના અંતિમ ચરણમાં રાસ-ગરબા થયા આ સ્પર્ધામાં વિવિધ સંસ્થાઓ દ્વારા ખૂબ તૈયારી સાથે રજૂઆત થઈ. યુવા કલાકારોના થનગનાટ અને તરવરાટ ઊડીને આંખે વળગે તેવો હતો. જેમ-જેમ કૃતિઓ રજૂ થતી ગઈ તેમ તેમ યુવાઓ પણ સાથે તાલબદ્ધ થઈ ગરબે ઘૂમતા જણાયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયકોએ નૃત્ય, સંગીત અને તાલ ત્રણેય બાબતના સમન્વય દ્વારા તૈયારી કરી નૃત્યની મૂળભૂતતા જાળવવા અનુરોધ કર્યો હતો.

કલાકુંજ-૨૦૨૧નો સમાપન સમારોહ પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયો. સમાપન સત્રનું આગવી શૈલીમાં સંચાલન કરતા આઈઆઈટીઈના અધ્યાપક ડૉ. મેહુલભાઈ દવેએ પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો.

કલાકુંજ 2021ની આયોજન સમિતિના અધ્યક્ષ અને બિલિમોરા ખાતે આવેલા શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્ય કિશોરભાઈ નાયકે સમાપન સમારોહમાં જણાવ્યું હતું કે, “કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જે રીતે આ સમગ્ર યુથ ફેસ્ટિવલનું આયોજન થયું છે, તે દર્શાવે છે કે દઢ ઇચ્છાશક્તિ કપરી પરિસ્થિતિને પડકારી શકે છે. આ પ્રકારના મહોત્સવ દર્શાવે છે કે સ્પર્ધાના અંતિમ પરિણામ કરતાં ત્યાં સુધી પહોંચવાની પ્રક્રિયા વધુ આનંદદાયક હોય છે.”

આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે કલાકુંજ 2021ના આયોજન વિશે જણાવ્યું, “આ સમગ્ર ફેસ્ટિવલ ઓનલાઇન અને ઓફલાઇન એમ બન્ને પ્રકારે બ્લેન્ડેડ મોડમાં યોજવામાં આવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પણ શિક્ષણમાં કલાનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ફેસ્ટિવલમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ મૂળ તો તાલીમાર્થી શિક્ષકો છે, જે એક શિક્ષક તરીકે સમાજની પેઢીઓને ઘડવાના છે. હવે જ્યારે માત્ર વિષય શીખવતા શિક્ષકોને બદલે શીખવું કેવી રીતે તે શીખવતા શિક્ષકોની




IITE
कलाकुंज 2021


IITE




IITE




















જરૂર પડવાની છે, ત્યારે કલાના માધ્યમથી શિક્ષણ આપવાની પ્રક્રિયાથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, સંસ્કાર અને જીવન મૂલ્યોનું સિંચન તથા વિષય જ્ઞાન આપવા ઉપરાંત વ્યક્તિત્વ ઘડતર થઈ શકે છે તે અને તાલીમાર્થી શિક્ષકોની વ્યક્તિગત પ્રતિભા યોગ્ય રીતે અભિવ્યક્ત થાય તે હેતુથી આ ફેસ્ટિવલનું આયોજન થયું."

પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડે તેમની રમૂજભરેલી પરંતુ માર્મિક વાતોથી શિક્ષક બનવા જઈ રહેલા તાલીમાર્થી વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે શિક્ષકે ક્યારેય શીખવાનું છોડવું જોઈએ નહીં. એટલું જ નહીં, શિક્ષકે ગુણવાન, ચારિત્ર્યવાન હોવાની સાથે સાથે રમૂજવૃત્તિ પણ કેળવવી જોઈએ, જેથી વિદ્યાર્થીઓને તે સહજતાથી હળવી શૈલીમાં અઘરા વિષયો પણ શીખવી શકે.

વાતોના પ્રવાહને આગળ વધારતા શિક્ષણકેન્દ્રી રોચક વાત રજૂ કરી હતી. જેમાં શિક્ષક કેવો હોવો જોઈએ? તેવો પ્રશ્ન ઉઠાવી શિક્ષક તજજ્ઞ હોવો જોઈએ પણ એથી વિશેષ તો શિક્ષક ચારિત્ર્યશીલ હોવો જોઈએ એમ કહ્યું હતું. આગળ ઉમેરતા જણાવ્યું કે શિક્ષક રમૂજી પણ હોવો જોઈએ. શિક્ષણ એટલે શું? બાળકને ચાહવું તે. બાળકને સમજાવવા કરતાં બાળકને સમજવું એ શિક્ષણનું હાર્દ છે. શિક્ષકત્વ વિશે વાત કરતા જણાવ્યું કે શિક્ષકત્વ ત્યારે જ ટકે જયારે વિષયને બદલે બાળકને ભણાવવાનું શરૂ થાય. આ બાબતે લંડનની શાળાનો એક કિસ્સો સૌને સંભળાવ્યો હતો. અને શિક્ષક ટાયર્ડ નથી થતો તેનું રહસ્ય આજ છે. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનની ત્રણ વાત રજૂ કરી અને ત્રણ પ્રકારના શિક્ષકો વિશે જણાવ્યું. એક તો શિક્ષક ભણાવે અને વિદ્યાર્થીઓ ભણે, બીજા શિક્ષક જાતે ભણે, ત્રીજા શિક્ષકો સંશોધનો કરે. યુવાઓને 'શરીર માધ્યમ ખલુ સાધનમ' કહી જાતને પ્રેમ કરવાની ટકોર કરી હતી. પોતાના જીવનમાં લીધેલી વિદ્યાનો અર્થ સમજાવતાં કહ્યું હતું કે સાચી વિદ્યા એ છે જે મુક્તિ અપાવે.



# કાવ્યની સમીક્ષાઃ જાણો માણો અને આસ્વાદ કરાવો

## IITEના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા તા. 11, 12 અને 13 જાન્યુઆરીના રોજ આયોજિત ભાષા કાર્યશાળામાં ડૉ. યોગેન્દ્ર વ્યાસની મનનીય વાત...

**ડૉ. અર્ચના પટેલ**
આસિ. પ્રોફેસર, આઈઆઈટીઈ

આપણે સૌ એમ માનીએ છીએ કે ભાષા બોલતાં આવડે એટલે ભાષા આવડી ગઈ ને તેના પર પ્રભુત્વ આવી ગયું. પણ આ કેટલે અંશે સાર્થક થાય તે તો આપણને કોઈ પણ એક વિષય પર 200, ૨૫૦ કે ૩૦૦ શબ્દોમાં કંઈક લખવાનું કહેવામાં આવે ત્યારે અનુભવાય ! અને પછી શિક્ષક તેને જુએ પછી... લખવું એ કૌશલ્ય તો છે જ પણ સાથે સાથે કળા પણ છે. કૌશલ્ય અને કળાને જેમ પાકા ઘડે કાંઠા ન ચડે તેમ ન કેળવી શકાય. આ હેતુએ ગુજરાતી ભાષાનું એક પેપર શિક્ષક પ્રશિક્ષણ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં છે.

આ અભ્યાસક્રમના મુદ્દાને ધ્યાનમાં રાખી તારીખ ૧૧, ૧૨ અને ૧૩મી જાન્યુઆરીના રોજ IITEના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા ભાષા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીનું કાવ્ય સમીક્ષા વિશેનું ડો. યોગેન્દ્ર વ્યાસનું વ્યાખ્યાન અહીં મૂકીએ છીએ. આ પાછળનો એક આશય કાવ્યને કેવી રીતે સમજવું અને તેમાંથી કેવાં પ્રશ્નો પૂછવા? તે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેની સમીક્ષા કેવી રીતે કરવી તે છે. સમીક્ષા એટલે શું? સમ એટલે સરખો, અને ઈક્ષા એ સંસ્કૃત ધાતુ છે. ઈક્ષ એટલે જોવું. અને તેને આ પ્રત્યે લાગ્યો છે. જેમ પરીક્ષામાં લાગ્યો છે- પરિ + ઈક્ષ + આ. એવી જ રીતે સમ + ઈક્ષ + આ. ગુજરાતીમાં સમીક્ષા એટલે સરખું જોવું. હવે, સરખું જોવું એટલે શું? અથવા સરખું જોવાપણું એટલે શું? તો

- એનો અનુભવ સરખી રીતે કરવો
- એને સરખી રીતે માણી શકાય
- એનો સરખી રીતે આસ્વાદ લઈ શકાય
- તેને સરખી રીતે સમજી અને ગળે ઉતરે તેવી રીતે આપણા જીવનમાં વણી શકાય

તો આ થયું સરખું જોવું.

સંસ્કૃતમાં ચર્વણા શબ્દ છે. ચર્વણા એટલે ચાવવું. વારંવારની ચર્વણાથી એટલે કે વારંવાર તેના વિશે વિચાર કરવાથી એ વસ્તુ આપણી સામે ધીરે ધીરે ઊઘડે છે અને પછી જેમ જેમ એ ઊઘડતી જાય છે, તેમ તેમ એ આપણને વધારે સમજાય છે અને એનો આપણને વધારે આનંદ આવે છે. એમાંથી આપણને કશું શીખવાનું પણ મળે છે, માત્ર આનંદ આવવા પૂરતું નથી!

એટલે જે સમીક્ષા છે એ માત્ર ઉપરછલ્લું અવલોકન અથવા ઉપરછલ્લું જોવું એમ નથી. પણ ઊંડા અર્થે, તલસ્પર્શી રીતે, જરા ઝીણવટથી જોવું તપાસવું. અને તેના જે ઘટક તત્ત્વો છે તે ભેગા થઈને પદ્ય હોય તો તે કવિતા કઈ રીતે બને? અને ગદ્ય હોય તો વાર્તા કે નાટક કે નવલકથા કે કોઈપણ સ્વરૂપ કઈ રીતે બને? એ સમજવા માટે મથવું. આ મથામણ છે. આપણને કોઈને, કોઈ પણ સાહિત્ય કૃતિ વિશે પૂરેપૂરી સમજણ આવે એ શક્ય નથી. સાહિત્યકારે પોતે પણ સાહિત્ય કૃતિ રચી લીધા પછી એને વિશે પૂરેપૂરું પોતે શું કહ્યું છે? એ વિશે તે આપણને સમજાવી શકે નહીં કારણ કે એ એક જુદી જ પળ હોય છે અને પછી સમજૂતીની પળ જુદી હોય છે. આ રહસ્યપૂર્ણ પળમાં બધા ઘટક તત્ત્વો ભેગા કઈ રીતે થયાં? એ તપાસવાનો વિષય છે. તપાસ કરીએ છીએ પણ થોડું કંઈક બાકી રહી જાય છે. આ સંદર્ભે સમીક્ષા એટલે બને એટલું ઝીણવટથી, ચીવટથી પદ્યને જોવું અને તપાસવું.

હવે આપણે એક પદ્યની કૃતિને સમજવાની કોશિશ કરીશું. કારણ કે આ મથામણ આપણને ક્યાં સુધી લઇ જાય છે? પદ્ય હોય કે ગદ્ય હોય તેના મુખ્ય ઘટક તત્ત્વો ક્યાં ક્યાં છે? મુખ્ય ઘટક તત્ત્વો છે - એની ભાષા. અને એ ભાષામાં વળી પાછા અનેક ઘટક તત્ત્વો હોય. (એના ધ્વનિઓ હોય, શબ્દો હોય,

અર્થ હોય, એની વાક્યરચના હોય, એનું અરસપરસ એકબીજા સાથે ગોઠવાવું હોય...) આ બધા ઘટક તત્ત્વો ભેગા થઈને આપણને કેટલાક સાંસ્કૃતિક ઘટક તત્ત્વો તરફ લઈ જાય છે. આપણે જે અનુભવ્યા છે, એવા ઘટક તત્ત્વો તરફ દોરી જાય છે. એ સાંસ્કૃતિક ઘટક તત્ત્વો આપણને આપણા જૂના અનુભવોનું સ્મરણ કરાવે છે. એ અનુભવો બધા ભેગા થઈને આપણામાં એક નવો અનુભવ જગાડે છે અને એ અનુભવ આસ્વાદ રૂપે આપણામાં રહી જાય છે. આ પ્રક્રિયા કઈ રીતે ચાલે છે? ઉપરછલ્લી રીતે પણ ચાલે અને ત્યારે આપણે અંદાજે કેટલા અભિપ્રાયો એ કૃતિ વિશે આપી દઈએ છીએ? અને જરાક ઊંડાણમાં જઈએ, બારીકાઈથી જોઈએ ત્યારે આપણને નવું શું છે તે સૂઝે છે.

મારા સપના માં આવ્યા હરી
મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી,
સામે મરકત મરકત ઊભા
મારા મનની દ્વારિકાના સુબા,
આંધણ મેલ્યા'તા કરવા કંસાર
એમાં ઓરી દીધો મેં સંસાર
હરી બોલ્યા : અરે બ્હાવરી ...!

- રમેશ પારેખ

ઉદાહરણ તરીકે 'મારા સપનામાં આવ્યા હરિ' રમેશભાઈનું કાવ્ય લઈએ. કવિતા કઈ રીતે બની? તે સમજવા માટે આપણે વિદ્યાર્થીઓને થોડા પ્રશ્નો આપવા જોઈએ. આપણે કહીએ છીએ મને સપનું આવ્યું અને મને સપનામાં આવ્યા હરિ અથવા મને સપનામાં ટેબલ આવ્યું, મને સપનામાં કમ્પ્યુટર આવ્યું, મને સપનું આવ્યું એમ મને છીંક આવી, મને બગાસું આવ્યું. એમ મને સપનું આવ્યું. વિદ્યાર્થીઓ નવમા ધોરણ સુધીમાં ક્રિયા અને પ્રક્રિયા વચ્ચેનો ભેદ સમજી ગયાં હોય છે અથવા શિક્ષક સમજાવી કે તમે જાણો છો કે જે કુદરતી રીતે બને છે, જેના પર આપણું નિયંત્રણ નથી એ બધી પ્રક્રિયાઓ છે. જે ઇરાદાપૂર્વક થાય, જેના ઉપર આપણું નિયંત્રણ છે તે બધી ક્રિયાઓ છે. એ પ્રક્રિયા છે કારણ કે કુદરતી છે એના પર આપણું નિયંત્રણ નથી એટલે આપણે કહીએ છીએ કે મને સપનું આવ્યું અને મને સપનામાં હરિ આવ્યા. પણ આ કવિયત્રી અથવા ભક્તકવિ એમ કહે છે કે મારા સપનામાં આવ્યા હરિ. શા માટે? જરાક વિચાર કરી રાખજો. મને સપનામાં આવ્યા હરિ અને મારા સપનામાં આવ્યા હરિ રે. આ બે વચ્ચે મુખ્ય ભેદ છે કે મને સપનામાં આવ્યા હરિ ત્યારે હરિ ને પણ ખબર નહોતી કે હું આ ભક્તોના સપનામાં જાઉં છું પણ મારા સપનામાં આવ્યા હરિ ત્યારે હરિને ખબર છે ખરી, ઈરાદાપૂર્વક, જાણીજોઈને, સમજી વિચારીને મારા સપનામાં આવ્યા છે. અહીંયા આવવું ક્રિયા બને છે. મને સપનામાં આવ્યા. અહીં આવવું ક્રિયા બને છે. મારા સપનામાં આવ્યા હરિ ત્યાં હરિ કર્તા છે. આવવું તેની ક્રિયા હરિ કરે છે. એટલે પહેલી જ



પંક્તિમાં આ ભક્ત કવિયિત્રીએ આપણને કહી દીધું કે હરિ કર્તા છે, આપણે કોઈ કર્તા નથી.

બીજો પ્રશ્ન એ મારા સપનામાં આવ્યા હરિ એમ હરિ કેમ કહ્યું ? મારા સપનામાં આવ્યા'તા શ્યામ અથવા મારા સપનામાં આવ્યા'તા કહાન એમ કેમ ન કહ્યું? (વિદ્યાર્થીઓને વિચારતાં કરવાં એક અગત્યનું કામ છે.) એ વિચાર પ્રક્રિયામાંથી જ, એ વિચાર વલોણમાંથી જ આ આસ્વાદનું નવનીત નીપજતું હોય છે એટલે વિચાર પ્રક્રિયા કઈ રીતે કરાય? કેવાં કેવાં સવાલો પૂછીને કરાય? કવિ પાસે કેટલાં વિકલ્પો હોવા છતાં આ વિકલ્પ શા માટે પસંદ કર્યો? અને આપણાં પહેલા સંસ્કૃત આલંકારિક અભિનવગુપ્તે કહ્યું હતું તેમ કવિએ પસંદ કરેલા વિકલ્પનો કોઈ પર્યાય હોતો નથી. એટલે હરિને બદલે શ્યામ કે કૃષ્ણ એ પર્યાય નથી. હરિ જ પર્યાય છે એ સિવાય બીજું વાપરી શકાય જ નહીં. અહીંયા હરિ જ કેમ? જો શ્યામ કહ્યું હોત કે કહાન કહ્યું હોત તો સંદર્ભ ચોખ્ખો થઈ જાત કે આ તો વૃંદાવન કે ગોકુળિયાના શ્યામ કે કહાન છે પણ આ તો માત્ર કહ્યું કે મારા સપનામાં આવ્યા હરિ... હરિના તો અનેક અર્થ છે. હરિ તારા નામ છે હજાર... કૃષ્ણ પણ એક નામ છે, શ્યામ પણ એક નામ છે. મૂળ તો વિષ્ણુનું નામ છે હરિ. અને વિષ્ણુના જેટલા અવતાર થયા એ બધા હરિ હરિ હરિ એટલે આ હરિ કૃષ્ણ છે કે શ્યામ જ છે એવી આપણે કલ્પના કરી - પેલી દ્વારિકાને કારણે, કારણકે પાછળની લીટીમાં આવે છે કે સામે મરકત મરકત ઊભાં મારા મનની દ્વારિકાના સુબા.

હવે પ્રશ્ન કરો મારા સપનામાં આવ્યા હરિ પછી હરિએ શું કર્યું? તો હરિએ મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી. પ્રશ્ન

કરો ભેટવું અને વહાલી કરવી એ બે માં શું તફાવત છે? વિદ્યાર્થીઓને ખબર હોય કે ભેટવું સરખેસરખામાં હોય અને વહાલી કરવી આપણે નાના બાળકને વહાલી કરીએ છીએ, બોલાવીએ છીએ, પછી ઊંચકી લઇને ઝુલાવીએ છીએ અને પછી વહાલી કરીએ છીએ. એટલે અહીંયા હરિનો વાત્સલ્ય ભાવ છે, આ ભક્ત માટે. એટલે એણે કેટલા બધા વખતથી હરિના આગમનને જ ઝંખ્યું છે અને એટલે એને બોલાવી હરિએ. તે સતત બોલાવતી હતી, હરિ આવોને, હરિ આવોને અને હવે? હરિ કહે છે, ચાલ, હું તને બોલાવું. એટલે બોલાવી... અને પછી અત્યાર સુધી એને જે ઝંખના કરી છે, જે વ્યાકુળતાથી તેના પુરસ્કારરૂપે ઝુલાવી અને વહાલી કરી. ભેટ્યા નથી, આલિંગન નથી આપ્યું, વહાલી કરી છે. જુઓ શ્રી હરિનું વાત્સલ્ય જુઓ. અને પછી 'મરકત મરકત ઊભા મારી મનની દ્વારિકાના સૂબા' રાજા શબ્દ નથી વાપર્યો! સુબા શબ્દ કેમ વાપર્યો હશે? પ્રશ્ન કરો સુબો કોને કહેવાય? એ રાજા નથી, માલિક નથી, આ ભક્ત કવિયત્રિને ખબર છે, કે આ મન તો એનું પોતાનું છે પણ એણે આ મનનો બધો વહીવટ હરિને સોંપી દીધો છે. એટલે હરિને હાકેમ બનાવી દીધા છે. સુબા - એના મનની દ્વારિકાના સુબા, ગોકુળ - વૃંદાવનના નહિ પણ દ્વારિકાના! દ્વારિકા બહુ અગત્યની વસ્તુ છે કનકકોટ ચળકાટ કરે, મોહમયી મુંબઈ કરતાં પણ વધુ મોહમયી છે - દ્વારકા! સુદામાચરિતમાં મોહમયી દ્વારિકાનું અદ્ભૂત વર્ણન કરેલું છે. મોહ અને માયાથી ગ્રસિત છે દ્વારિકા! અને એ મનની દ્વારિકાનો બધો વહીવટ હરિને સોંપી દીધો છે, કે આ મન તમને સોંપ્યું. આ મન તમારે શરણ. તમે આપેલું છે મન, પણ એ મન તમને પાછું આપું છું. તમે એમાં જે વિચાર લાવવો હોય તે લાવજો, એ સંકલ્પ-વિકલ્પ જે લાવવાં હોય તે કરજો. હું તો માણસ પામર માત્ર.

એણે આંધણ મેલ્યા'તા કરવા કંસાર, એમાં ઓરી દીધો મેં સંસાર... એણે કંસાર મૂકી દીધો હતો કારણકે એને ખબર હતી મારી ઝંખના - તને મેં ઝંખી છે સહારાની તરસથી - એટલે એને ખબર હતી કે હરિ ને આવ્યા વગર છૂટકો નથી, આવશે, જરૂર આવશે એટલે એણે આંધણ મૂકી રાખ્યા છે, કંસાર કરવા માટે! સતત... સતત... જ્યારથી એણે એનાં મનનાં સુબા તરીકે હરિને નિમણૂક આપી દીધી ત્યારથી! જ્યારથી એણે હરિને બોલવાના શરૂ કર્યા ત્યારથી, આંધણ મૂકી રાખ્યા, સતત ઉકળ્યા કરે છે, કેટલું બધું ઉકળ્યુ હશે? હરિ આવે એના જેવી બીજી મંગલ, શુભ ઘડી બીજી કઈ હોય! આવો સારો મંગલ પ્રસંગ હોય, આવી સારી શુભ ઘડી હોય તો કંસાર સિવાય બીજું શું કરી શકાય? એટલે કંસાર કરવા માટેની તૈયારી પૂરી કરી રાખેલી પણ? પણ હરિ આવ્યા ને મેં ઓરી દીધો એમાં સંસાર! જુઓ આ એની વ્યાકુળતા જુઓ... એનું બાહવરાપણું જુઓ! બધુ અવળ-સવળ થઈ ગયું. કંસાર કરવા માટે આ પહેલા આંધણ મૂકી રાખ્યા હતા. એમાં સંસાર ઓરી દીધો! પ્રશ્ન કરો (ઉકળતા) આંધણમાં સંસાર ઓરી દે તો સંસાર શું થાય? સંસાર પાકો થઈ જાય! સંસાર રંધાઈ જાય બરાબરનો! પકાવું અને રંધાવું આ બંને વચ્ચે મોટો તફાવત છે. પકવવું શાસ્ત્ર છે, જ્યારે રાંધવું કળા છે. અને એનો સંસાર રંધાઈ ગયો.

ઈશ્વરની કૃપા થઈ એટલે રંધાય ત્યારે વધારે સ્વાદિષ્ટ બને. રસોઈયો રસોઈ પકવેમાં રસોઈ રાંધે. રસોઈયા એ જ નાંખેલી બધી વસ્તુમાં નાખી પણ રસોઈયો એક વસ્તુ ન નાખે પણ માં નાખે અને એ છે વહાલ, લગાવ. અને એટલે જ તે રંધાય. અને એ આણે નાખી દીધું એટલે એનો સંસાર રંધાઈ ગયો અને સંસાર જેવો રંધાઈ ગયો એટલે હરિ બોલ્યા, અરી બ્હાવરી, (મીરાંને તો લોકોએ કરી હતી બ્હાવરી) ત્યારે અહીં તો હરિ એ જ કહ્યું, અરી બ્હાવરી! તો હરિ ક્યાં છે? હરિ આપણી શ્રદ્ધામાં છે, ઝંખનામાં છે. આપણી શ્રદ્ધા કણકણમાં વ્યાપેલ ઈશ્વરમાં ઈશ્વરને ક્યાં ક્યાં જુએ છે? એક કવિએ કહ્યું છે, ' હરિ તને શું સ્મરીએ, શ્વાસે શ્વાસે તું વસે છે, પછી શોધ ક્યાં કરીએ?' હરિ તમે જ્યાં છો ત્યાં છે.

આ શબ્દોમાં છે, તમે સાંભળો છો એમાં છે, તમે જુઓ છો એમાં છે, બધે જ છે, આખા જગતમાં છે. વિજ્ઞાનીઓએ અણુમાં ગોડપાર્ટિકલ જોયો. જાપાનમાં હિરોશીમા અને નાગાસાકી પર અણુંહુમલો કરવાવાળાને સહસ્ર સૂર્ય ઉગતા હોય તેવું દેખાયું ત્યારે યાદ આવ્યું... અરે, ઈશ્વર વિશ્વરૂપ દર્શન ધારણ કરીને હરિ બિરાજે છે.

આ વાત કવિતામાં કહી છે. એની વ્યાપક સમીક્ષા કરીએ તો આપણને સમજાય કે રમેશભાઈએ મીરાંની કક્ષાએ જઈને લખ્યું. આપણે જાણીએ છીએ કે દરેક પુરુષની અંદર એક સ્ત્રી બેઠેલી છે અને ભક્તિની વાત આવે, વાત્સલ્યની વાત આવે, ત્યારે પુરુષની અંદર બેઠેલી સ્ત્રી જાગ્રત થાય છે. વેર લેવાની વાત આવે જ્યારે ક્રોધ આવે ત્યારે સ્ત્રીઓની અંદર બેઠેલો પુરુષ જાગ્રત થાય છે. આ કવિ, ભક્તકવિ, ભક્તકવિયત્રિની હરિ શોધ ચલાવે છે અને પછી સપનું ... ખરેખર તો આ આખો સંસાર જ સપનું છે, એટલે મારા સપનામાં આવ્યા હરિ, આ સંસાર સપનારૂપ સંસાર છે. એમાં હરિ આવી ગયા. એટલે સપનું અને વાસ્તવ જુદાં નથી.

આ આંખ જયારે ઉઘડશે ત્યારે સપનું અને સંસાર એકરૂપ બની જશે. કવિની આંખ ઉઘડી ગઈ છે અને આંખ ઉઘડી જાય છે ત્યારે 'જાગીને જોઉં તો જગત દીસે નહીં' (નરસિંહ મહેતા) જગતને બદલે તેને જ્યાં જુએ ત્યાં શ્રી હરિ દેખાય છે. પદ્ય સમીક્ષામાં આ રીતે સમાજના નાના-નાના પ્રશ્નો પૂછી શકો અને આગળ જોયું તેમ કાવ્યનો આસ્વાદ પણ કરવી શકો.

(આ વ્યાખ્યાન માત્ર પરીક્ષામાં પાંચ પ્રશ્નો પૂછવા પૂરતું જ મર્યાદિત નથી પણ આસ્વાદ કરાવવા માટે અને આસ્વાદ આધારિત પ્રશ્નોત્તરી કેવી રીતે કરી શકાય? વિદ્યાર્થીઓને આસ્વાદની દિશામાં વિચારતાં કેવી રીતે કરી શકાય તે માટે પણ ઉપયોગી થશે.)



# BIZARRE: Unlocking The "Butterfly" In Times of COVID "Chaos"

**Romin U. Jain**
B.A. B. Ed. Semester-7

## As a educator, can we think conducting classes beyond Zoom, MS-Teams, Google Meet and Webex?

*"It used to be thought that the events that changed the world were things like big bombs, maniac politicians, huge earthquakes, or vast population movements, but it has now been realized that this is a very old-fashioned view held by people totally out of touch with modern thought. The things that change the world, according to Chaos theory, are the tiny things. A butterfly flaps its wings in the Amazonian jungle, and subsequently a storm ravages half of Europe."*

**— from Good Omens, by Terry Pratchett and Neil Gaiman**

"That is bizarre!", anyone would have yelled out, had this idea of writing this been conceived sometime around the good old school days. Butterfly and Chaos, seemingly two different words forming parts of two completely different phenomena and I would have labelled myself mad for associating the former as the cause of the latter. How irritating, unreal, reasonless, stupid, insane sounding that would be had the mere flapping of the cute little butterfly's wings be called out being the reason for causing a cyclone! Laughed at it, you did, right? Well, I did that too!

There will always be a few students in every class, who dare to think of teaching the same topic better than their teacher is teaching. A few out of those daring ones actually do the real dare viz. picking up teaching as a job and no sooner it is that this class of individuals forget the real deal behind picking up the job, what they wished as students: Doing different and better!

It has prompted me to dwell for the possibility of applying the theory in education. In this dive for reading, something that flew past flabbergasting, the aspirant teacher's senses was the coveted "Butterfly effect".

Two theories that obviously steal the glimmer here are "Butterfly" and "Chaos". These theories push to believe that we have only been teaching while there was always room for doing something different.

**What is everyone doing?**

Logging into Zoom, Microsoft Teams, CISCO WebEx, Google Meet (or read here any such platform of your choice) and delivering. Yes, that is pretty much it!

**What could also be done?**

**Engaging Podcasts:**

Podcasts are supposedly modern-day everything. Perhaps podcasts will work best with a pre-designed agenda of live online classes wherein both of them carry a pre-decided load. Invite someone noteworthy if they wish to be in it or if not, simply allow a few kids turn by turn to share their views. Expected to work like a charm, this will possibly not only bring the co-learning space close to an in-person classroom but may even make it better.

**Conjunction Classes:** The need of the hour is to understand that, even if the educational institutions open up, there will be a specific portion of beneficiaries who will either choose to stay home citing safety reasons or some who will have to stay home on account of having caught an infection. Let's call it "Conjunction Classes", a concept wherein the same class can be conducted simultaneously online and offline, needing just an online meeting platform to be set up on a device.

**Experimenting with technology:**

Experimentation is the only key we have left to achieve desired results. The surviving web around as educators is to be rubbed off. What if you were told that you could have custom link shorteners for free? What if peer to peer file sharing could also be done for free? What if you were told you do not need tons of cloud storage? What if you needed to learn nothing humongous as much you think to survive these times? Moreover, what if you were told that none of the above is a blind bluff? All that you will need to do is to ponder for yourself. Why not try a scheduled multi-dimensional, multi-lingual group chat on an educational topic on your favourite messaging app.

**The PowerPoint curse:** The name is "PowerPoint", not "DisempowerPoint". Fetch your sticks against as you read this but asserted herein "PowerPoint is modern, maybe you who is not!" Not to mention but PowerPoint is, was and maybe will continue to dominate as the de facto standard for presentations be in classrooms or otherwise and trust when this is being said, it deserves to be so; it is just us at the epicenter. Microsoft may have updated PowerPoint software a thousand times, but we have failed to do that for ourself. Check out for yourself what wonders it can churn out!

**Eradicating the shame to learn:** Often causes the wonder why, but there positions a block as soon as we label ourselves educators. The shame to learn is to be eradicated, and students guiding us towards technology are actually to be given opportunity and scope instead of being labelled "too over-smart" for doing so.

**Why only in these times?**

Education is one of the worst-hit sectors that the pandemic chose as a target. We are hit, actually struck very badly and singing on a sinking Titanic may not be our best choice. The rendition of the butterfly effect in times as critical as the ones we are facing right now is nothing more than rendered trust in the world's very mechanics that all it needs is one act of genuine and sincere effort. It is bizarre if a butterfly phenomenon is associated with causing a cyclone but definitely not bizarre if the differently targeted approach of a single educator renders unthinkable outcomes.

So, for the next time, until somebody points out that the mere flapping of a butterfly's wings can induce a cyclone, assurance is that we shall laugh together, but until then this cute little butterfly is what shines from beyond the COVID Mountains as a ray of hope! Log into your classes, do something different and let




# "શિક્ષકના વ્યવસાયને રેફરન્સ નહીં પ્રેફરન્સ બનાવવો પડશે."

**ડો. હર્ષદ પટેલ**
માન. કુલપતિશ્રી, આઈઆઈટીઈ

## "દર વર્ષે 3 લાખ શિક્ષકોની જરૂર સામે 18 લાખ યુવાઓ બી.એડ્. ડિગ્રી મેળવે છે, પરંતુ લાયક શિક્ષકો નથી મળતા."

પાછલા એક વર્ષમાં આખા વિશ્વમાં કોરોનાની ચર્ચા થઈ તો આપણા દેશમાં કોરોના અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ બન્નેની ચર્ચા થઈ. ત્રણ દાયકા પછી વૈશ્વિક મહામારીની વચ્ચે પ્રસ્તુત થયેલી આ નીતિએ આખા દેશમાં ઉત્સુકતા અને બદલાવની આશા જગાડી છે. શિક્ષણનીતિના નવા દષ્ટિકોણમાં શિક્ષણ વ્યવસ્થામાં જેટલા જરૂરી છે, તેટલા જ બદલાવ શિક્ષણ પ્રક્રિયામાં પણ જરૂરી છે અને શિક્ષણ પ્રક્રિયામાં તેના મહત્ત્વને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્વીકારવામાં આવ્યો છે.

જ્યારે આપણે શિક્ષક પ્રશિક્ષણ વિશે ચર્ચા કરીએ છીએ ત્યારે તે માત્ર ચેપ્ટર-15 સુધી સિમિત નહીં રહે. કારણકે, શાળાકીય શિક્ષણના દરેક ચેપ્ટર શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષક પ્રશિક્ષણ સાથે જોડાયેલા છે. શાળાકીય શિક્ષણ જે 5+3+3+4 છે તે શિક્ષણશાસ્ત્ર અને પાઠ્યક્રમ સર્જન પર આધારિત છે, તો તેના માટે વર્તમાન શિક્ષક પ્રશિક્ષણની પ્રક્રિયા અને તેની વ્યવસ્થામાં બદલાવ લાવવો ખૂબ જ જરૂરી છે.

અત્યારે વર્તમાન સ્થિતિ કેવી છે? પ્રિ-સ્કૂલ અથવા શાળા વ્યવસ્થામાં આપણને લાયક શિક્ષકો નથી મળી રહ્યા, પ્રતિભાશાળી શિક્ષકો નથી મળી રહ્યા અને બીજી તરફ લાખો બી.એડ્. ડિગ્રીધારી યુવાનો ચારેયબાજુ દેખાઈ રહ્યા છે. છેલ્લાં 15 વર્ષોમાં 15 હજારથી વધુ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓને માન્યતા આપવામાં આવી છે. આજે આપણા દેશને વાર્ષિક 3 લાખ શિક્ષકોની જરૂર છે અને આ કૉલેજોમાંથી 18 લાખથી વધુ શિક્ષકો બહાર પડે છે. એટલે કે આપણે છ ગણા વધુ શિક્ષકોને ડિગ્રી આપી રહ્યા છીએ. આ અને વર્તમાન પરિસ્થિતિ હું તમારી સામે એટલા માટે મૂકી રહ્યો છું કે આપણને ખબર પડે કે આપણે કઈ દિશામાં જવાનું છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા સંગઠિત જે.એસ. વર્મા કમિશને વર્ષ 2012માં જણાવ્યું હતું કે 10 હજારથી વધુ એવી ડિગ્રી કોલેજો છે કે જે આવી ડિગ્રીઓને વહેંચે છે અને વેચે છે. આ તેનો પુરાવો છે. આજે આ સમિતિના રિપોર્ટને પણ આઠ વર્ષ થઈ ગયા છે. આપણે જ્યારે સી ટાટની છેલ્લી દસ પરીક્ષાના પરિણામ જોઈએ તો ખબર પડે કે પરિણામ 10 ટકા, 15 ટકા અને 25 ટકા સુધી જ આવે છે. આનો અર્થ એ થયો કે 70 ટકા જે વિદ્યાર્થીઓ છે તે શિક્ષણનો હિસ્સો બનવા નથી માગતા, નથી બનતા.

અત્યાર સુધી જે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ છે તેમાંની 30 ટકા સંસ્થાઓએ પોતાના પીએઆર (કામગીરી મૂલ્યાંકન અહેવાલ) જમા પણ નથી કરાવ્યા. આ એ વાતનો પુરાવો છે કે ડિગ્રી આપતી સંસ્થાઓ, ગેરહાજર વિદ્યાર્થીઓ અને કામગીરી મૂલ્યાંકન અહેવાલ જમા નહીં કરાવનાર સંસ્થાઓ આપણને એ દર્શાવે છે કે દરેક સંસ્થાઓ પોતાની ગુણવત્તા ઉપર ખરી નથી ઊતરી અને આપણે કયા પ્રકારના નવા દષ્ટિકોણ સાથે જવાનું છે.

આનો ઉપાય આપણી પાસે છે. કેમકે ઘણીવાર એવું બનતું હોય છે કે એનસીટીઈ, યુનિવર્સિટીઝ અને સંસ્થાઓના સંકલન બરાબર હોતા નથી. તેના કારણે આપણે એવું કહીએ છે કે આ આપણા હાથની વાત નથી. પરંતુ આપણે જ્યારે એક યુનિવર્સિટીના કુલપતિ છીએ તો આ બધી આપણી જવાબદારી

છે. આપણી જવાબદારી, આપણી સામાજિક જવાબદારી એ છે કે જ્યારે એનસીટીઈ આપણને માન્યતા આપે છે, ત્યારે પ્રવેશ પ્રક્રિયા અને દેખરેખની પ્રક્રિયાની જવાબદારી યુનિવર્સિટીની હોય છે.

આપણે પાઠ્યક્રમ ભણાવવાના વિષયમાં વિચારવાનું છે. કેમકે શિક્ષક પ્રશિક્ષકો સારા હશે તો શિક્ષકો પણ સારા હશે અને શિક્ષકો સારા હશે તો તેનાથી દેશનું ભલું થશે. કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય આપણી સામે હોય છે. શિક્ષણ નીતિમાં પણ કહ્યું છે કે ડિગ્રી આપતી, બિન કાર્યક્ષમ સંસ્થાઓને બંધ કરવી પડશે. આપણે પણ આપણી યુનિવર્સિટીમાં એવી કેટલીક સંસ્થાઓને જોઈએ છીએ પણ તેના પ્રત્યે અજાણ બની જઈએ છીએ.

મારું દરેક કુલપતિને નિવેદન છે કે આપણે આપણી સંસ્થાઓ માટે પણ વિચારવું જોઈએ આગળ જતાં જે સંયુક્ત કોલેજ છે અથવા ડિગ્રી કોલેજ ચાલે છે, તેમને ચાર વર્ષીય બી.એડ્. કોર્સ માટે પરિવર્તિત કરવાની છે. આપણે આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન જે કોલેજીસ છે તેના વ્યવસ્થાપકો અને અધ્યાપકોને ક્યારે મળ્યા? ક્યારે ત્યાં ગયા? ક્યારે મુલાકાત લીધી? તે વિચારવા જેવું છે. નવા દૃષ્ટિકોણમાં આપણે આ બધું જોવું પડશે કારણકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપણને ભવિષ્યનો માર્ગ બતાવે છે. ક્લેટ, કેટ અને આરઆઈઈની બધી કૉલેજ મળીને જે પ્રકારે પ્રવેશ પ્રક્રિયા કરે છે તેવી રીતે શું આપણે પણ બધા મળીને પ્રવેશ પરીક્ષાના માધ્યમથી પ્રવેશ પ્રક્રિયા ના કરી શકીએ?

આગામી સમયમાં એનટીએ (નેશનલ ટેસ્ટિંગ એજન્સી) આ પ્રક્રિયા કરશે, પણ ત્યાં સુધી આપણે પણ આ કરી શકીએ છીએ. આપણે સહુ સાથે મળીને આ કરી શકીએ છે. એનસીએફટીઈ-2009 આપણી પાસે છે જ. નવું ફ્રેમવર્ક આવતા વર્ષે આવશે. ત્યાં સુધી તો આપણી પાસે એવો મોકો છે કે આપણે પાઠ્યક્રમ માળખું તૈયાર કરી શકીએ. શિડ્યુલ-8માં જે ભારતીય ભાષાઓ વિષે કહેવામાં આવ્યું છે તે ભાષાઓને આપણે શિક્ષકોને શીખવી શકીએ છીએ. આના માટે આપણે એક વર્ષ રાહ જોવાની જરૂર નથી. કારણ કે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ચાર વર્ષીય એકીકૃત બી.એડ્. પાઠ્યક્રમમાં બહુભાષીય અને બહુવિદ્યાશાખાની વાત કરવામાં આવી છે તો વિવિધ વિદ્યાશાખા અને શિક્ષક પ્રશિક્ષણના સમન્વયથી આપણે એવા શિક્ષક તૈયાર કરવાના છે જે શિક્ષણ વ્યવસ્થામાં આપણને કામ લાગી શકે. પછી તે પ્રિ-પ્રાઇમરી હોય કે ફાઉન્ડેશન કોર્સ હોય કે માધ્યમિક શિક્ષણ હોય. કારણ કે આપણે તો દરેક વિભાગ માટે શિક્ષકો તૈયાર કરવાના છે. યુનિવર્સિટી તરીકે આપણે તેમને સર્ટિફિકેટ, ડિપ્લોમા અથવા ડિગ્રી કોર્સ આપી શકીએ. તેમાં પ્રિ-સર્વિસની વ્યવસ્થા કરીએ કે ઇન સર્વિસની વ્યવસ્થા કરીએ.


શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા તરીકે આપણે ચાર વર્ષીય એકીકૃત કોર્સ વિશે વિચારવું પડે. અત્યારે હાલમાં જે પરિશિષ્ટ છે, તેમાં લેટરલ એન્ટ્રી કે એક્ઝિટની વ્યવસ્થા નથી તો આપણે સાથે મળીને આ વિચારવાનું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રમાણે આપણે તેમને સર્ટિફિકેટ, ડિપ્લોમા કે ડિગ્રી તેમને આપવા પડશે. કારણ કે પછી એવું થશે કે જે શિક્ષક તરીકે ફાઉન્ડેશનલ કોર્સમાં જોડાયા છે, બે વર્ષ પછી તેમને જોગવાઈ પ્રમાણે સેકન્ડરીના શિક્ષક તરીકે જવું છે તો એ પ્રકારની વ્યવસ્થા આપણે કરવી પડશે. આપણે તેમને સર્ટિફિકેટ કોર્સની વ્યવસ્થા આપવી પડશે.

હવે યોગ્ય શિક્ષકની ખૂબ જરૂર પડવાની છે. એનસીટીઈએ જે ટીઈટી પરીક્ષાની જોગવાઈ કરી છે તેમાં આપણે જોયું કે તેનો પાઠ્યક્રમ બી.એડ્.નો છે. તે જ વસ્તુ ટીઈટી પરીક્ષામાં છે તેમ છતાં ટીઈટીનું પરિણામ આપણને એ વિચારવા પર મજબૂર કરી દે છે કે આપણું પાઠ્યક્રમનું શિક્ષણ કયા પ્રકારે ચાલી રહ્યું છે? તેથી જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ટીઈટીની સાથે મૌખિક કસોટી અથવા ડેમોન્સ્ટ્રેશન પાઠની જોગવાઈ કરવામાં આવી છે.

મને ખૂબ ખુશી છે કે આવનારી પેઢી માટે આપણે સારા શિક્ષકોની નિમણૂક કરી શકીશું. આ વાતચીતના પ્રથમ સત્રમાં એનએએસી(નૅક)ના સલાહકાર કહી રહ્યા હતા કે, શિક્ષક પ્રશિક્ષણમાં શરૂઆતમાં નૅક અને એનસીટીઈ વચ્ચે સમજૂતી કરાર થયા હતા. પછીથી ક્યૂસીઆઈનો પ્રવેશ થયો, પરંતુ તેને કાનૂની અડચણો આવતા તે સ્થગિત થઈ ગયું. હવે નૅકની પ્રક્રિયાના કારણે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ નેક માન્યતા પ્રક્રિયામાં આવી શકશે. National Institute Ranking Frameworkમાં શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ માટે જોગવાઈ નથી. ગયા વર્ષે અમે સલાહસૂચનો પ્રાપ્ત કરીને ઉપરોક્ત સંસ્થામાં રેકિંગ મેળવવા જનરલ યુનિવર્સિટી તરીકે અરજી કરી હતી. પરંતુ આમાં શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો સમાવેશ કરવો પડશે. કારણ કે આપણી યુનિવર્સિટીઓને સ્પર્ધાત્મક બનાવીને આપણે તેને સમગ્ર વિશ્વના પટ પર મૂકવી પડશે.

મોટાભાગની યુનિવર્સિટીમાં આર્ટ્સ, વિજ્ઞાન અને કોમર્સની વિદ્યાશાખાઓ હોય છે. તેની સાથે શિક્ષક પ્રશિક્ષણ હોવાને કારણે આપણને 1+7 સપ્તર્ષિ જોવા નથી મળી રહ્યા. તો આ અગ્રીમ સૂચિમાં તે વિશ્વવિદ્યાલય તરીકે નથી આવી રહ્યા. મારું સહુને નિવેદન છે કે તમે શિક્ષણ વિદ્યાશાખા માટે વધુમાં વધુ વિચારો અને તેમની સાથે સલાહસૂચનો કરો. કારણ કે બી.એડ્. હાયર એજ્યુકેશનમાં પણ છે અને પ્રોફેશનલ અભ્યાસક્રમની શ્રેણીમાં પણ છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તેમાં બદલાવ લાવવાનું આપણને કહી રહી છે.

આજે વૈશ્વિક મહામારીને કારણે આખા વિશ્વને ઓનલાઇન ભણાવવાનો મહાવરો થઈ ગયો છે. આપણા શિક્ષકો પણ તેમાંથી મુક્ત નથી. શિક્ષક, શિક્ષક પ્રશિક્ષક અને ભાવિ શિક્ષકો બધા આવા મિશ્રિત માધ્યમો દ્વારા ભણાવવાના અનુભવી થઈ ગયા છે. આવા મિશ્રિત માધ્યમોમાં આપણે MOOC પ્લેટફોર્મ, ઇન્ટરનેટ રેડિયો, ટીવી પ્લેટફોર્મ જેવા ડિજિટલ માધ્યમોનું ઈ-કન્ટેન્ટ તૈયાર કરી શકીએ તો મને લાગે છે કે આખા દેશના શિક્ષકો માટે તે આશીર્વાદરૂપ હશે.




આપણે જો નેટવર્કિંગની વાત કરીએ તો મોટાભાગની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ માત્ર પ્રેક્ટિસ સત્ર કે ઇન્ટર્નશીપ દરમ્યાન જ શાળાઓ સાથે સંબંધ રાખે છે. મને લાગે છે કે દર વર્ષે આપણે શિક્ષક પ્રશિક્ષણના વ્યાપને વિસ્તારવા માટે તથા આપણી સમાજ પ્રત્યેની નિસ્બતને વ્યાપક બનાવવા માટે નેતૃત્વ અને નવા દષ્ટિકોણની જાણકારી માટે શાળાઓના શિક્ષકો, તેના વ્યવસ્થાપકો અને શાળા પરિસરને યુનિવર્સિટી સાથે જોડવા જોઈએ. આ તાલમેલ રાખવો જ જોઈએ કારણ કે શિક્ષક પ્રશિક્ષણની વ્યવસ્થાઓ આખરે તો શાળા શિક્ષણ ઉપર અસર છોડવાની જ છે. આ પ્રકારના તાલમેલથી એક ફાયદો એ થશે કે શાળા શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઓછો થશે. એવું થાય તો વધુ શિક્ષકોની જરૂરિયાત રહેવાની. આપણે એવું કહીએ છીએ કે આપણી શિક્ષણ વ્યવસ્થામાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો 50નો હોવો જોઈએ. જો આવું હોય તો જ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં બાળકોનો ડ્રોપઆઉટ રેશિયો ઓછો થશે. તેમનું ધ્યાન વધશે. આના કારણે વધુ શિક્ષકોની જરૂરિયાત ઊભી થશે. અત્યારે તો 1થી 12 ધોરણ સુધીની જે વ્યવસ્થા છે, તેમાં દરેક ધોરણનો સમાવેશ થઈ જાય છે તેના કારણે વધુ શિક્ષકોની જરૂર પડશે. અત્યારે વર્તમાનમાં આખા વિશ્વમાં 74 દેશ એવા છે જ્યાં શિક્ષકોની તાતી જરૂરિયાત છે. સસ્ટેઇનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સના હિસાબે તો આખી દુનિયામાં 6.9 કરોડ શિક્ષકોની જરૂર છે. જેમાં મોટાભાગે ગણિત, વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોની સખત જરૂરિયાત છે.

પહેલાં એવું હતું કે તમે સ્નાતક થઈ ગયા, અનુસ્નાતક થઈ ગયા તેના પછી કોઈને પૂછ્યું તો એવું કહેવામાં આવતું કે કંઈ નહીં તો હવે બી.એડ્. કરી લો. પરંતુ હવે બી.એડ્. રેફરન્સથી નહીં પ્રેફરન્સથી કરવું જોઈએ. ધોરણ 12 પછી ચાર વર્ષીય એકીકૃત બી.એડ્.ના કારણે ઘણીબધી સંભાવનાઓ વધી ગઈ છે. દરેક બી.એડ્.ની ડિગ્રી આપતી કોલેજોએ વર્ષ 2030 સુધીમાં ચાર વર્ષીય એકીકૃત બી.એડ્. કોર્સ લાગુ કરવો પડશે. દુનિયામાં આજે મલ્ટિનેશનલ કંપનીઝના સીઈઓ તરીકે, મોટી મોટી કંપનીના ઉચ્ચ પદાધિકારીઓના સ્થાને ભારતીય મૂળની વ્યક્તિઓની નિમણૂક થયેલી હોય છે. તેવી જ રીતે દુનિયાના દરેક દેશોમાં ભારતીય મૂળના શિક્ષકો હોવા જોઈએ.

અમારા 12 શિક્ષકો કુવૈતમાં તેમના શિક્ષણકાર્યનો ઉજાસ પાથરી રહ્યા છે. મોદીજીએ જ્યારે આઇઆઇટીઈની કલ્પના અને સ્થાપના કરી ત્યારે કહ્યું હતું કે શું આપણે બીજા વ્યવસાયિકોની જેમ શિક્ષકોની પણ નિકાસ ના કરી શકીએ? હવે આપણને એ સંભાવનાઓ દેખાઈ રહી છે. કેટલાક સમય પહેલાં મહારાષ્ટ્રના શિક્ષક રણજિત દિસાલેને 'ગ્લોબલ ટીચર'નો એવોર્ડ મળ્યો. તેવી જ રીતે મને આશા છે કે એક દિવસ જરૂર એવો આવશે કે ટાઇમ મેગેઝિનના ટાઇટલ પેજ ઉપર આપણી સરકારી પ્રાથમિક શાળાની શિક્ષકાનો ફોટો હોય અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને કારણે આવી સંભાવના મને દેખાઈ રહી છે. શિક્ષણમાં નવા દષ્ટિકોણને કારણે આપણને નવી તકો મળશે. શિક્ષક પ્રશિક્ષણમાં નવા દષ્ટિકોણને કારણે આપણું આ સ્વપ્ન એક દિવસ જરૂર પૂરું થશે.

**('રીઇમેજિંગ ટીચર એજ્યુકેશન, વોકેશનલ એજ્યુકેશન એન્ડ પ્રોફેશનલ એજ્યુકેશન' વિષય પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભે એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઈયુ) દ્વારા યોજાયેલી વેસ્ટ ઝોન વાઇસ ચાન્સેલર્સ મિટિંગમાં માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા 'એ ન્યૂ એપ્રોચ ટુ ટીચર એજ્યુકેશન' વિષય પર આપવામાં આવેલા વક્તવ્યનો સંપાદિત અહેવાલ)**




# અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા
# શિક્ષક બનતા પહેલાં શિક્ષણ કાર્યની પ્રેક્ટિસ મેચ

## આઈઆઈટીઈ દ્વારા તાલીમાર્થીઓના શિક્ષણ કૌશલ્યની કસોટી કરતી ટીચિંગ સ્કિલ કોમ્પિટિશનની બીજી આવૃત્તિનું આયોજન થયું

શિક્ષક માટે સૌથી મહત્ત્વનું કાર્ય છે, વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું. હવે જ્યારે વર્ગખંડની ભૂમિકા કોરોના મહામારીને કારણે સાવ બદલાઈ ચૂકી છે, ત્યારે પણ શિક્ષકે શિક્ષણ આપવાનું તો ચાલું જ રાખ્યું છે, વર્ગખંડ ન હોય તો વર્ચ્યુઅલ વર્ગખંડમાં. વ્યવસ્થા કોઈપણ હોય પરંતુ શિક્ષકે શિક્ષાકર્મ જાળવી રાખવાનું હોય છે. શિક્ષકની સફળતા એ જ છે કે, એ વિદ્યાર્થીઓને જે-તે વિષયની માત્ર માહિતી જ નહીં, પરંતુ સમજણ આપે. વિદ્યાર્થીઓમાં આ સમજણ કેળવવા માટે શિક્ષકે પણ કેટલાંક કૌશલ્યોની આત્મસાત કરવા પડે છે. આ જ કૌશલ્યોની કસોટી એટલે અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા, અંગ્રેજીમાં કહીએ તો ટીચિંગ સ્કિલ કોમ્પિટિશન.

ગત વર્ષથી ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) આઈઆઈટીઈના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલી ટીચિંગ સ્કિલ કોમ્પિટિશનની બીજી આવૃત્તિનું આયોજન થયું. સ્પર્ધાના પ્રારંભિક તબક્કાનું આયોજન યુનિવર્સિટી સાથે સંલગ્ન સંસ્થાઓને પાંચ ઝોનમાં વહેંચીને ઓનલાઇન માધ્યમથી કરવામાં આવ્યું. જેમાં 55 પ્રશિક્ષણ સંસ્થાનાં કુલ 110 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે સેમિફાઇનલ અને ફાઇનલ રાઉન્ડનું આયોજન અનુક્રમે તા. 25 અને 26 જાન્યુઆરીના રોજ આઈઆઈટીઈ સંકુલમાં કરવામાં આવ્યું હતું. જેમાંથી વિવિધ પ્રશિક્ષણ સંસ્થાના કુલ 15 તાલીમાર્થીઓ સેમિફાઇનલ માટે અને ફાઇનલ રાઉન્ડ માટે 9 તાલીમાર્થીઓ પસંદગી પામ્યાં હતાં.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન ખાતે તા. 25 જાન્યુઆરીનાં રોજ માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા આશીર્વચન પાઠવી દ્વિતીય તબક્કાની શરૂઆત કરવામાં આવી હતી. તાલીમાર્થીઓએ પ્રશ્નોત્તરી કૌશલ્ય, ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય, સ્પષ્ટીકરણ કૌશલ્ય અને ઉદાહરણ કૌશલ્ય જેવા અગત્યના અધ્યાપન કૌશલ્યોમાં પોતાની કુશળતા પ્રદર્શિત કરી. જેના આધારે કુલ 15 માંથી નવ તાલીમાર્થીઓ અંતિમ તબક્કામાં પસંદગી પામ્યા હતા.

આ તાલીમાર્થીઓએ વિવિધ કૌશલ્યોની રજૂઆત દ્વારા પોતાની ક્ષમતા સાબિત કરી અને અંતે છેલ્લા તબક્કામાં કુલ ત્રણ તાલીમાર્થીઓ વિજેતા બન્યા હતા.

સ્પર્ધા પૂર્ણ થયા બાદ સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં માનનીય મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. આ તાલીમાર્થીઓમાં પ્રથમ આવનાર તાલીમાર્થી ભટ્ટ પ્રિયાંક, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલીને ૧૧,૦૦૦/- હજાર, દ્વિતીય આવનાર તાલીમાર્થી રાજ્યગુરુ પ્રણવ, સેન્ટર ઓફ એજ્યુકેશન, આઈઆઈટીઈને 5,000/- અને તૃતીય આવનાર તાલીમાર્થી નાઈ હેતલ, ડી. ડી. ચોક્સી સેકન્ડરી કોલેજ ઓફ એજ્યૂકેશનને ૨,૫૦૦/- નાં રોકડ પુરસ્કાર દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

માન. મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે સ્પર્ધાના













વિજેતાઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, "એક ભાવી શિક્ષક તરીકે તમે શિક્ષણ કૌશલ્યની આ સ્પર્ધામાં વિજેતા બન્યા છો અને અન્ય સહુ તાલીમાર્થીઓ જેમણે આ સ્પર્ધામાં ભાગ લીધો છે, તે સહુને અભિનંદન. આપ સહુ આપના પરિવાર, કુટુંબ, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રની પ્રગતિમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપતા રહો."

માન. કુલપતિશ્રીએ આ સ્પર્ધા વિશે જણાવ્યું હતું કે, "યુનિવર્સિટીનું કામ જ એ છે કે, એ એક એવું માધ્યમ બને એવું પ્લેટફોર્મ બને જ્યાં વિદ્યાર્થીઓને તેમની અનુકૂળતા પ્રમાણે પોતાના કૌશલ્યો પ્રદર્શિત કરી શકે અને જીવનમાં આવનારા પડકારોને ઝીલવા માટેની ક્ષમતા વિકસાવી શકે. ખાસ કરીને શિક્ષકે તો સમાજને દોરવાનો છે, એટલે એના માટે વિશેષ ક્ષમતાની જરૂર પડે છે અને તેનું નિદર્શન કરવા માટેની આ એક સ્પર્ધા હતી."

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. હિમાંશુ પટેલ, ડીન ડૉ. કલ્પેશ પાઠક, કાર્યક્રમના સંયોજક ડૉ. વિરલ જાદવ તેમજ વિવિધ સંસ્થાઓમાંથી આવેલા સ્પર્ધકો અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડૉ. નિશાંત જોશી દ્વારા કરવામાં આવ્યું અને આભારવિધિ અધ્યાપક ડૉ. રાજેશ  રાઠોડે કરી હતી.

# બાપુની સમયસહેલી (એકપાત્રીય અભિનય)




**- વિશાલ જોશી**
પ્રાધ્યાપક , લોકભારતી, સણોસરા

**મહાત્મા ગાંધીના અંતિમ દિન સુધી તેમની સાથે રહીને સમય સાચવી લેનારી ઘડિયાળ જો બોલે તો શું બોલે? 30મી જાન્યુઆરી- ગાંધી નિર્વાણ દિને એક પાત્રીય અભિનય 'ગાંધીની ઘડિયાળ'ની સ્ક્રિપ્ટ મહાત્મા ગાંધીને અંજલિ સ્વરૂપે અહીં પ્રસ્તુત છે**

ટીક ટીક ટીક ટીક ટીક...

એ મને ઓળખી ?

નહીં...? લ્યો... ફરી સાંભળો...

ટીક ટીક ટીક ટીક ટીક... હેં? શું કહ્યું?

હેં.... ઓળખી મને!

હા...

સાચું ...

હું સમયને ચલાવતી ઘડિયાળ...

પણ ઊભા રહો... I meannnn wait... તમે તો મારા વિવિધ રૂપરંગ અને આકારોથી પરિચિત હશો. ક્યાંક હું દીવાલ પર, તો ક્યાંક હું ટેબલ પર અને ક્યાંક હું ટાવર પર, તો ક્યાંક હું ઓફિસની દીવાલ પર; અને મોટે ભાગે તો હાથના કાંડે... વળી, ક્યાંક તો સોને મઢેલ તો ક્યાંક હું હીરે જડેલ... કયાંક હું ફેશન માટે, તો ક્યાંક હું ટેન્શન માટે... પણ ક્યારેય તમે મને પૂછ્યું કે મને ક્યાં ગમ્યું?... હેં?... ના?... તો આજે મારે તમને મારી વાત કહેવી છે. સમયના આટલા મોટા પ્રવાહમાં વહેતી રહી અને સાચું કહું તો મને મારું ગમતું ઊંચું સ્થાન મળ્યું હોય તો તે ક્યાં, ખબર છે તમને? બોલો બોલો. હેં શું કહ્યું? ટાવર પર?... ના, મને જો ઊંચાઈ બક્ષી હોય તો એ નહિ કોઈ દીવાલે કે નહિ કોઈ કાંડે, કે નહિ કોઈ ઇમારતે. મને તો ગાંધીની કમરે લટકવું ગમ્યું. હા... એ જ ગાંધી... આપણા બાપુ. તો લ્યો, તમને માંડીને વાત કરું... એ સાંભળજો.

તુમ ઠહરો, વક્ત કો જાને દો પીછે પીછે.

મોહનદાસ કરમચંદ ગાંધી – સૌથી પહેલી વખત એણે મને

પોષાક તરીકે પહેરી હતી, ત્યારે એ કાયદાના વિદ્યાર્થી. લંડનમાં એમને તો ત્યારે ઇંગ્લિશ જેન્ટલમેન દેખાવાના અભરખા.... હોં. એ માટે એમણે ખૂબ પૈસા પણ ખર્ચ્યા હો. ત્યારે કોટ, સ્યુટ, ટાઇ, સોનેરી હેટ, હાથમોજાં અને સોનેરી લાકડી સાથે એમણે મને પહેરી. હા... ત્યારે એમના મોટાભાઈ ભારતમાં રહેતા, જેના સૌજન્યથી સોનાના પટ્ટા સાથે મને કાંડે પહેરી... પણ જ્યારે ખાદીને ધારણ કરી ત્યારે એમના જેન્ટલમેન પોષાકની અંતિમ ટકી રહેલી વસ્તુ એટલે હું. મોહ બધા ખરી પડ્યા, બાકી રહી એ હું. અરે, એટલે તો હું કોલરટાઇટ રાખીને

ફરતી! પણ, વાત એટલેથી ક્યાં અટકી? સાચું કહું તો એમની કમરે ઝૂલવું તો મનેય ગમતું. તમે મને જોઈ છે ને? એમની છબીઓમાં હું હોઉં જ! હું એમના જીવનને નિયંત્રિત કરનાર એમની સમયસહેલી!

એક વાત કહું? એ કોઈને ભેટ આપવાની હોય તો મને જ યાદ કરતા. ૧૯૩૧, એમના લંડનના નિવાસ દરમિયાન એમના બે જાસૂસ મિત્રોને ભેટ આપવા માટે એમણે મને જ પસંદ કરી હતી. બંનેને ખિસ્સા ઘડિયાળ ભેટમાં આપી અને ઉપર લખ્યું 'With love from M. K. Gandhi'

બાપુએ એમના જીવનની એકએક ક્ષણ હેતુપૂર્વક વિતાવી છે. એક પણ ક્ષણનો જરાય વ્યય નહિ. હું આજેય એની સાક્ષી, લ્યો સાંભળો... એક વાર એમના બાર વર્ષના દીકરા મણિલાલે એમને વૉશ બેસિન પાસે કશુંક ગણગણતા સાંભળ્યા, તો તરત જ નવાઈથી પૂછ્યું – 'બાપુજી, મનમાં શું બબડો છો, શું કરો છો?' તો બાપુ બોલ્યા, 'હું ગીતાના શ્લોક શીખી રહ્યો છું.' બોલો, રોજીંદા કામમાં પણ સતત મને યાદ કરીને પોતાના નિયમિતતાના ગુણને ટકાવી રાખતા... એનું મનેય ગૌરવ ના હોય...! એક વાર પણ એમણે મારી ક્ષણ વેડફી નથી. એપ્રિલ-૧૯૨૧માં એમને ગૂજરાત વિદ્યાપીઠમાં વાત કરવા જવાનું. એમને પહોંચાડનાર



કાર મોડી પડી. મને તો પછી થયું કે શું કરશે હવે? લાવ, જોઉં તો ખરી. અરે, ત્યાં તો આ શું...? આ તો ગાંધીબાપુ. તરત જ મલકાણી પાસેથી સાઇકલ લઈ લીધી અને બરાબર સમયે પહોંચ્યા. એમની સમય પ્રતિબદ્ધતા ટકાવી રાખી.

એક વાર તો એના દીકરાના દીકરા કાન્તિલાલને સમય પૂછ્યો તો એણે મારા સમયમાં અને કહેવાના સમયમાં ફેર પાડ્યો અને દાદાનો ગુસ્સો સાતમા આસમાને! ઠપકો મળ્યો. કહે, 'જો સમયની સૂઝ કે સમજ ના હોય તો ઘડિયાળ ન રાખ.' બાપ રે... આટલી તો હુંય ગુસ્સે ના થાઉં, હોં. પણ, મને ગમ્યું. કારણ કે એ મારી ગરિમા જાળવવા ગુસ્સે થયાને!!

અરે, લોકમાન્ય તિલકનેય નહોતા મૂક્યા, બોલો! ગોધરાના રાજકીય સંમેલનમાં એ અડધો કલાક મોડા પહોંચ્યા. તરત જ મારા બાપુ બોલ્યા, 'જો આપણે સ્વરાજ અડધો કલાક મોડું મેળવીશું તો એનો દોષ આ લોકમાન્યના શિરે!'

અરે, બાપુ જ્યારે રાત્રે સુવાની તૈયારી કરતા, ત્યારે જે જે વસ્તુઓની જરૂર પડે એ વસ્તુઓ સાથે રાખીને તૈયારી સાથે સુતા, જેથી સવારે એ બધી વસ્તુઓ એના સ્થાને સમયસર મળી રહે. દાતણને પણ ઝાટકીને એની બે ચીર કરીને બ્રશ જેવું બનાવીને એને લોટામાં યોગ્ય માત્રામાં પાણી ભરીને એમાં પલાળી દેતા... અને બધું થઈ જાય પછી હું યાદ આવતી એમને. મારામાં સવારના ૪-૦૦ વાગ્યાની સ્મૃતિરૂપે એલાર્મ મૂકીને મને ઓશિકા નીચે મૂકતા અને હુંય એમની હૂંફમાં એના ધબકારાની જેમ ટીક ટીક ટીક કરતી સુઈ જતી!

પણ, બસ એક જ વાતનો રંજ રહી ગયો. ૩૦ જાન્યુઆરી, શુક્રવાર, ૧૯૪૮; સાંજના ૦૪-૫૫નો એ મારો સમય...

બાપુ સરદાર સાથે અગત્યની મસલતમાં ડૂબેલા... મારો જીવ જાય... કારણ, ૫-૦૦ વાગ્યે તો મારે એમને લઈ જવાના પ્રાર્થનામાં ને પહેલી વાર મારો જીવ ઊંચો થઈ ગયો... પહેલી જ વાર બાપુ મારી સામેય નથી જોતા... ઓલી આભા પણ ઊંચીનીચી થાય અને મને બાપુ સામે ધરીને ઇશારાથી કહે, 'બાપુ, પ્રાર્થનામાં મોડું થાય છે.' અને બાપુ થયા ઊભા, મને ભૂલીને. આભાએ જાણે મારી મનની વાત કરી. 'બાપુ, આ ઘડિયાળ આજે રિસાઈ હશે. એની અવગણના કરી, એમ લાગતું હશે. તમે આજે એની સામે પણ ન જોયું!

અને મારો એ સમય ૦૫-૧૫નો, જાણે હું જ ત્યાં અટકી ગઈ!

Everyone's Gandhi- પુસ્તકમાંથી
૫૭મું પ્રકરણ, 'ઘડિયાળ, જિંદગીને નિયંત્રિત કરનારું યંત્ર'



# Catering to the Multiple Intelligences of learners in online teaching mode

**Dr. Swarnabharati**
Asst. Professor, IITE

One of the significant differences among learners is their learning styles. Each person has unique intelligence, and each thrives in a specific learning environment, while struggle in others. Still, if asked, many people will tell you that someone is intelligent when they are good at maths, or science, or when they are articulate or speak several languages.

According to Howard Gardner, there are eight different types of intelligence, and people can have varying levels of each intelligence, and they can change over time. Teachers can use multiple intelligences in the classroom to benefit their students by customizing lessons, classroom layouts, and assignments for these multiple intelligences.

As a teacher, Gardner's MI theory makes perfect sense to me. We come across students who cannot write a coherent paragraph but can solve any puzzle you put in front of them. Then there are also the restless ones who are repeatedly tapping their pencil rhythmically as they study because 'it helps them think', or the so-called daydreamers, who conjure up fantastic explanations of a concept.

**Howard Gardner's Theory of Multiple Intelligence:**

Howard Gardner of Harvard University first came up with the theory of multiple intelligences in 1983. Gardner argues that there are eight types of intelligence, far more than the standard I.Q. test can account for. He challenges any educational system that assumes that learners can learn the same materials in the same way and that a uniform, universal measure suffices to test student learning. He advocates that schools and teachers should teach in a way that supports all types of intelligences, not just the traditional ones such as linguistic and logical intelligences.

The Eight Intelligences:

1. Linguistic Intelligence ("word smart")
2. Logical-Mathematical Intelligence ("number/reasoning smart")
3. Visual-Spatial Intelligence ("picture smart")
4. Bodily-Kinesthetic Intelligence ("body smart")

5. Musical Intelligence (“music smart”)
6. Interpersonal Intelligence (“people smart”)
7. Intrapersonal Intelligence (“self smart”)
8. Naturalist Intelligence (“nature smart”)

**Educational Benefits of Applying Multiple Intelligences Theory**

This theory’s benefits are many, and they can be applied across all ages and in all subjects. Students who are given ways to learn and perform at their best are more likely to enjoy the teaching-learning process and are more likely to succeed academically. Making the learners aware of the types of intelligence helps in their self-learning process too.

Being aware of the type of intelligence/s most or all of the learners in the classroom or group are high on, helps the teacher use techniques that enable the learners to learn faster and effectively. It also enables the teacher to use multiple techniques to teach a particular topic.

**Multiple Intelligence & online teaching-learning process:**

With the COVID-19 pandemic, traditional classroom teaching has come to a halt. Teachers and students are alike compelled to use online platforms and tools to continue the teaching-learning process. Online platforms provide a plethora of tools and material that comes in handy to cater to the invisible students’ multiple intelligences in online teaching.

As a literature teacher, teaching learners both at undergraduate and postgraduate levels, the main task is to make the learners understand a literary text’s aesthetics. Classroom teaching enables the learner to understand what the teacher is trying to say through non-verbal cues, many examples, elaborate explanation and role play, to imagine and understand the text, but the same is difficult and challenging especially in online teaching. After all, that is how we teachers learnt from our teachers! However, with lack or indecipherable non-verbal communication on online platforms and paucity of time available in online teaching, this becomes a bit difficult!

Well, this was only an assumption! Necessity is the mother of invention.

It is essential to address and take into account the mental, cognitive, psychomotor, affective domains, linguistics, and much more while teaching literature, especially to make the learner feel and understand the aesthetics of the text.

This generation is quite tech-savvy; the onus lies on the teacher to look for the right tools to serve the purpose. So, while teaching a simple play like Mahesh Dattani’s Tara, which the playwright himself urges to watch rather than read, primarily because of the sheer attention that the playwright gives to stage direction in the play. The music accompanying the play composed by German composer Johannes Brahms is nothing more but appeal to a musically intelligent audience.

Another example is George Bernard Shaw’s famous play Pygmalion. Unavoidably what better a choice than allowing the students to listen to the Cockney accent. Moreover, why not use Sir Michael Caine’s Cockney accent to make students understand the differences between Cockney English and Standard English. In mocking such an accent and the ragamuffin girl Eliza Dolittle’s initial behavioural scheme, why skip adding fuel to the fire of bodily-kinesthetic learners.

**Teaching in the Way the Child Learns**

To conclude, teaching using the multiple intelligence theory is essentially teaching in the way the child learns. As a teacher, it is important to use multiple intelligences in the classroom, but first you must understand the multiple intelligence theory and know which intelligences your students have to be able to teach them in the best way possible.

(Reference:
https://www.uopeople.edu/blog/what-is-the-multiple-intelligences-theory/

# CAMPUS CANVAS



આઈઆઈટીઈ સંકુલમાં વર્ષ 2021નો પ્રારંભ 1 જાન્યુઆરી, 2021ના રોજ 'ફિટ ઇન્ડિયા - હિટ ઇન્ડિયા'ના સંદેશ સાથે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણાની વિશેષ ઉપસ્થિતિમાં સ્ટાફના તમામ સભ્યો વચ્ચે વિવિધ મેદાની સ્પર્ધાઓ સાથે કરવામાં આવ્યો.



આઈઆઈટીઈના સેન્ટર ઓફ એક્સ્ટેન્શન દ્વારા ધરોધર ફાઉન્ડેશન સાથે મળીને માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, લેખક-વક્તા શ્રી જય વસાવડા, અને દેશ-વિદેશમાં વસેલા ધર્મજ ગામના વતનીઓ સાથે તા. 12 જાન્યુઆરીના રોજ ધર્મજ ડે ની ઉજવણી કરવામાં આવી.



આઈઆઈટીઈ ખાતે તા. 7 જાન્યુઆરીના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયેલી નેશનલ સીઆરઈ પ્રોગ્રામ ઓન સેન્સિટાઇઝેશન એન્ડ કેપેસિટી બિલ્ડિંગ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે સંબોધન કર્યું હતું.





તા. 12 જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ અને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીના ભાગરૂપે આઈઆઈટીઈની ડૉ. કિરીટ જોષી લાઇબ્રેરીમાં સ્વામી વિવેકાનંદ વિષે ઉપલબ્ધ પુસ્તકોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.




આઈઆઈટીઈ ખાતે ભારતના 72મા પ્રજાસત્તાક દિનની ઉજવણી અમદાવાદ મેડિકલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ
ડૉ. મોના દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી